RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 247* Date: 04.07.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સરહદે તણાવ વચ્ચે એકાએક લેહ પહોંચી વડાપ્રધાને ચીનને સ્પષ્ટ સંદેશ આપ્યો

# ગલવાન ઘાટી અમારી, લદ્દાખ અમારા માન સન્માનનું પ્રતિક: મોદી

**આ વિકાસવાદનો સમય,દુશ્મનોએ જોઈ લીધો છે તમારો જોશ અને ગુસ્સો,બોર્ડર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ ૩ ગણો વધારી દેવાયો,દરેક આક્રમણ પછી દેશ વધારે મજબૂત થયો,**

*લેહ,તા.૧*

ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા(એલએસી) પર ગલવાન ખીણ વિસ્તારમાં ૧૫ જૂનની હિંસક અથડામણના પગલે બે દેશો વચ્ચે ચાલી રહેલી ભારે તણાવભરી ગંભીર સ્થિતિમાં ભારતના બહાદૂર જવાનોના જોમ અને જુસ્સાને વધારવા અને શહિદ થયેલા ૨૦ જવાનોની શહાદતના સંદર્ભમાં તથા ભારત સરકાર આ મુદ્દે સહેજ પણ નરમાશમાં કે હળવાશમાં નથી એવો કડક સંદેશો બૈજિંગ(ચીન)ને આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે અચાનક લેહ-લદ્દાખની મુલાકાત લઈને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. ૧૫ જૂનની અથડામણના ૧૮મા દિવસે મોદીએ ૧૧ હજાર ફૂટની ઉંચાઈએ આવેલા લદ્દાખના ફોરવર્ડ લોકેશન નિમુમાં સૈન્ય, આઈટીબીપી અને એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરીને સ્થિતિની જાતે જાણકારી મેળવી હતી. આ પ્રસંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપીન રાવત, સૈન્યવડા નરવણે વગેરે . પણ આ પ્રસંગે તેમની સાથે હાજર રહ્યાં હતા. સીમાએ સ્થિત જવાનોમાં અનેરો જોમ અને જુસ્સો જગાવવા અને સમગ્ર ભારત તેમની સાથે છે એવો તાર્કિક સંદેશો આપવાની સૈન્ય અને મનોવૈજ્ઞાનિક રણનીતિના ભાગરૂપે પણ મોદીના પગલાની સરાહના થઇ રહી છે. પીએમ જ્યાં પહોંચ્યા છે તે સ્થળ ૧૧,૦૦૦ ફુટની ઉંચાઈ પર .અને ઝંકસાર રેન્જથી ઘેરાયેલું છે, અહીં સિંધુ નદી વહે છે. મોદીની આ મુલાકાતની ચીન પર ધારી અસર થઇ હોય તેમ ચીને ત્યારબાદ એવી પ્રતિક્રિયા આપી હતી કે સમાધાનકારી ઉકેલ માટે વાટાઘાટો ચાલી રહી છે ત્યારે તણાવ વધારતાં પગલા ટાળવા જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લદ્દાખ પ્રવાસ દરમિયાન આજે લેહમાં જવાનોને સંબોધિત કર્યા. આ સંબોધનમાં એક તરફ પીએમ મોદીએ ભારતીય જવાનોનો ઉત્સાહ વધાર્યો, તો બીજી તરફ તેમણે ચીનને જોરદાર સંભળાવ્યું. પીએમ મોદીએ કહ્યું કે ભારતીય જવાનોએ દુનિયાને પોતાની બહાદુરીનો પરચો આપ્યો છે. લદ્દાખમાં ચીની હરકતો પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું કે વિસ્તારવાદનો જમાનો જતો રહ્યો છે, વિકાસવાદનો સમય છે. પીએમ મોદીએ ચીનને ચેતવ્યું કે આવી શક્તિઓ નાશ પામે છે.

વડાપ્રધાન મોદીએ ચીનને ખરુંખરું સંભળાવતા કહ્યું કે, "વિસ્તારવાદનો યુગ ખત્મ થઈ ગયો છે અને વિકાસવાદનો યુગ છે. ઝડપથી બદલાતા સમયમાં વિકાસવાદ જ પ્રાસંગિક છે. વિકાસવાદ માટે અવસર છે એ જ વિકાસનો આધાર છે. ગત સદીમાં વિસ્તારવાદે માનવજાતિનો વિનાશ કર્યો. કોઈ પર વિસ્તારવાદની જીદ સવાર હોય તો હંમેશા તે વિશ્વ શાંતિ માટે ખતરો છે." પીએમ મોદીએ કહ્યું કે, "ઇતિહાસ સાક્ષી છે કે આવી તાકાતો નષ્ટ થઈ જાય છે." ઉલ્લેખનીય છે કે ચીન સમય-સમયે લદ્દાખ, અરૂણચાલનાં વિસ્તારો પર પોતાનો દાવો કરતુ રહે છે. એટલું જ નહીં હાલમાં રશિયા અને ભૂટાનની જમીન પર પણ તેણે પોતાનો દાવો કર્યો હતો.

જવાનો સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, "આપણે વાંસળીવાળા શ્રીકૃષ્ણની પૂજા કરીએ છીએ. તો સુદર્શનચક્રધારી કૃષ્ણને પણ આદર્શ માનીએ છીએ." પીએમ મોદીએ કહ્યું કે, "જ્યારે જ્યારે રાષ્ટ્ર રક્ષાનાં નિર્ણયો પર વિચારું છું ત્યારે સૌથી પહેલા બે માતાઓને યાદ કરું છું. સૌથી પહેલા આપણી ભારત માતા, બીજી આપણી વીર માતાઓ જેમણે સૈનિકોને જન્મ આપ્યો છે." ત્યારબાદ પીએમ મોદીએ કહ્યું કે, "જવાનોનાં સુરક્ષા ઉપકરણો અને હથિયારોની દરેક સંભવ મદદ કરવાનો પ્રયત્ન સરકાર કરી રહી છે." પીએમ મોદીએ કહ્યું કે, "અમે સશસ્ત્રાદળોની જરૂરિયાતો પર સંપૂર્ણ ધ્યાન આપી રહ્યા છીએ."

વડાપ્રધાન મોદીએ જવાનોનો ઉત્સાહ વધારતા કહ્યું કે, તેમની ભુજાઓ પથ્થરો જેવી છે. ત્યારબાદ પીએમ મોદી બોલ્યા કે, દુશ્મનોએ જવાનોનો જોશ અને ગુસ્સો જોઇ લીધો છે. જવાનોની પ્રશંસામાં પીએમ મોદીએ કહ્યું, "તમે જે વીરતા હાલમાં જ બતાવી છે તેનાથી વિશ્વમાં ભારતની તાકાતને લઈને એક સંદેશ ગયો છે. તમારા (જવાનો) અને તમારા મજબૂત સંકલ્પનાં કારણથી આત્મનિર્ભર ભારત બનવાનું આપણો સંકલ્પ મજબૂત થયો છે." પીએમ મોદીએ કહ્યું કે, "તમારી ઈચ્છાશક્તિ હિમાલય જેવી મજબૂત અને અટલ છે, દેશને તમારા પર ગર્વ છે.

તમારા સન્માન, તમારા પરિવારના સન્માન અને ભારત માતાની સુરક્ષાને દેશ સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સેના માટે આધુનિક હથિયાર હોય અથવા તમારી ચીજ વસ્તુ અમે આની પર ધ્યાન આપીએ છીએ. બોર્ડર ઈન્ફ્રાસ્ટક્ચર પર ખર્ચ લગભગ ૩ ગણો કરી દેવાયો છે. આનાથી બોર્ડર એરિયા ડેવલપમેન્ટ અને સીમા પર રસ્તા-પુલ બનાવવાનું કામ પણ ઝડપથી થઈ રહ્યું છે. અત્યાર સુધી તમારા સુધી સામાન પણ ઓછામાં ઓછા સમયમાં પહોંચે છે. સેનામાં સમન્વય માટે ચીફ ઓફ ડિફેન્સની રચનાની વાત હોય અથવા વોર મેમોરિયલ અથવા તો વન-પેન્શન વન રેન્કની વાત હોય. અમે સેનાઓ અને સૈનિકોને મજબૂત કરી રહ્યા છીએ.

૧૫ જૂનની રાત્રે ગલવાન ખીણ વિસ્તારમાં થયેલી આ હિંસક અથડામણમાં ૨૦ ભારતીય જવાનોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. વડાપ્રધાન મોદી



ઘટનાસ્થળની મુલાકાત કરવા માટે આ લેહ પહોંચ્યા હતા.. અહીં સેનાના વરિષ્ઠ અધિકારીઓએ તેમને તમામ પરિસ્થિતિથી અવગત કરાવ્યા હતા. વડાપ્રધાને લેહ ખાતે ભારતીય સેના, વાયુસેના અને આઈટીબીપીના જવાનોની સાથે મુલાકાત કરી હતી..

મોદીએ આજે નિમૂમાં ૧૧ હજાર ફૂટ ઉંચી ફોરવર્ડ લોકેશન પર આર્મી, એરફોર્સ અને આઈટીબીપીના જવાનો સાથે વાત કરી હતી. નિમૂ ચીન સરહદથી માત્ર ૨૫૦ કિમી જ દૂર છે. તેમની સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત અને આર્મી ચીફ એમએણ નરવણે પણ છે. મોદીએ જવાનોની વાતચીતનો ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. તેમણે ગલવાન ઝપાઝપીમાં ઘાયલ થયેલા સૈનિકો સાથે પણ આજે મુલાકાત કરી છે.

---

### ૭ જુલાઈથી હ્યુમન ટ્રાયલ થશે

## નવી આશા: ભારતમાં ૧૫ ઓગસ્ટે લોન્ચ થઈ શકે છે કોરોનાની રસી COVAXIN

ન્યુ દિલ્હી,તા.૩

કોરોનાના વધી રહેલા સંક્રમણ વચ્ચે એક સારા સમાચાર મળ્યા છે. આગામી ૧૫મી ઓગષ્ટના રોજ કોરોનાની વેક્સિન 'કોવેક્સિન' લોન્ચ થઈ શકે છે. ફાર્માસ્યુટિકલ કંપની ભારત બાયોટેક દ્વારા આ વેક્સિન તૈયાર કરવામાં આવી છે અને ભારત બાયોટેક-આઈસીએમઆર દ્વારા વેક્સિન લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. આ વેક્સિનને તાજેતરમાં જ હ્યુમન ટ્રાયલની મંજૂરી મળી છે અને આઈસીએમઆર દ્વારા બહાર પાડવામાં આવેલા લેટર પ્રમાણે આગામી ૭મી જુલાઈથી હ્યુમન ટ્રાયલ માટેનું એનરોલમેન્ટ શરૂ થઈ જશે. ત્યાર બાદ જો તમામ ટ્રાયલ યોગ્ય રહેશે તો આશા છે કે ૧૫મી ઓગષ્ટ સુધીમાં કોવેક્સિન લોન્ચ કરી દેવામાં આવે. આ સાથે જ સૌથી પહેલા ભારત બાયોટેકની વેક્સિન બજારમાં આવી શકે છે.

આઈસીએમઆર અને તમામ સ્ટેકહોલ્ડર (જેમાં એમ્સના ડોક્ટર્સ પણ સામેલ છે) દ્વારા આ પત્ર બહાર પાડવામાં આવ્યો છે. તેમના કહેવા પ્રમાણે જો ટ્રાયલના તમામ તબક્કા સફળ રહેશે તો ૧૫મી ઓગષ્ટ સુધીમાં કોરોનાની વેક્સિન 'કોવેક્સિન' બજારમાં આવી શકે છે. હાલ આઈસીએમઆર દ્વારા આ અનુમાન લગાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ હૈદરાબાદની ફાર્મા કંપની ભારત બાયોટેકે 'કોવેક્સિન'ને ફેઝ-૧ અને ફેઝ-૨ના હ્યુમન ટ્રાયલ માટે ડીસીજીઆઈનું ગ્રીન સિગ્નલ મળી ગયું હોવાનો દાવો કર્યો હતો. કંપનીએ જુલાઈ મહીનાના પહેલા સપ્તાહમાં જ ટ્રાયલનું કામ શરૂ થઈ જશે તેમ જણાવ્યું હતું અને ભારત બાયોટેક વેક્સિન બનાવવા મામલે એક અનુભવી કંપની છે.

ભારત બાયોટેક કંપનીએ પોલિયો, રેબીજ (હડકવા), રોટાવાયરસ, જાપાની ઈનસેફલાઈટિસ, ચિકનગુનિયા અને ઝિકા વાયરસ માટે પણ વેક્સિન બનાવેલી છે. આગામી ૭મી જુલાઈથી હ્યુમન ટ્રાયલ માટેનું એનરોલમેન્ટ શરૂ થઈ શકે છે. ત્યાર બાદ તબક્કાવાર ટ્રાયલ કરવામાં આવશે અને આગામી ટ્રાયલ સફળ થશે તો ૧૫મી ઓગષ્ટના રોજ વેક્સિન લોન્ચ કરી દેવામાં આવશે.

---

### પોઝિટિવ કેસનો આંકડો ૬.૨૫ લાખને પાર,વધુ ૩૭૯ના મોત સાથે મૃત્યુઆંક ૧૮,૨૨૫એ પહોંચ્યો

## દેશમાં અત્યાર સુધીના સૌથી વધુ ૨૨ હજાર કોરોનાના કેસ નોંધાયા

*ન્યુ દિલ્હી,તા.૧*

અનલોક-૧ની જેમ અનલોક-૨માં પણ કેસો વધી રહ્યાં હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ૨૨ હજાર જેટલા કેસો નોંધાયા હતા આ આંકડો એક દિવસમાં સૌથી વધુ છે. તો તેની સાથે વધુ ૩૭૯ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત થયા હતા. મહારાષ્ટ્ર બાદ તામિલનાડુમાં સૌથી વધારે કેસો નોંધાયા હતા. અનલોક-૨માં અગાઉ કરતાં વધારે છૂટછાટ આપવાથી અને લોકોની કથિત બેદરકારીને કારણે સંક્રમણ વધી રહ્યું હોવાનું અનુમાન છે. તે સાથે જે કોરોનાના કુલ કેસોની સંખ્યા કોવિડ વેબસાઈટ પ્રમાણે, ૬,૨૭,૦૬૩ પર પહોંચી છે. સારવાર હેઠળાના કેસો એટલે કે એક્ટીવ કેસોની સંખ્યા ૨,૨૮,૭૬૮ અને સાજા થયેલા લોકોની સંખ્યા ૩,૭૯,૯૯૭ થઇ છે. વધુ ૩૭૯ લોકોના મોત સાથે કુલ મોતનો આંકડો ૧૮,૨૩૨ પર પહોંચી ગયો છે. આજે સવારે દિલ્હીમાં કેસો વધીને ૯૨,૧૭૫, તામિલનાડુમાં ૯૮,૩૯૩ અને મહારાષ્ટરમાં ૧,૮૬,૬૨૬ કેસો નોંધાયા હતા. ૨, જુલાઇ સુધી કુલ ૯૨,૯૭,૭૪૯ લોકૌના ટેસ્ટ કરાવવામાં આવ્યાં છે. બીજી તરફ, નવી મુંબઈ, પનવેલ અને ઉલ્હાસનગરમાં આજથી ૧૦ દિવસનું લોકડાઉન શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે, ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૭૨ ટકાએ પહોંચ્યો છે. જેને એક સારી બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે.જ્યારે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે કોરોનાના જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ હજાર ૯૦૩ કેસ સામે આવ્યા અને ૩૭૯ લોકોના મોત થયા હતા. આ સાથે દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૬ લાખ ૨૫ હજાર ૫૪૪ થઈ ગઈ છે. જેમાંથી ૨ લાખ ૨૭ હજાર ૪૩૯ એક્ટિવ કેસ છે. સાથે જ ૩ લાખ ૭૯ હજાર ૮૯૨ દર્દી સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધી ૧૮ હજાર ૨૧૩ લોકોના મોત થયા છે.

વેબ અનુસાર, દેશભરમાં ૬ લાખ ૨૭ હજારથી વધુ લોકો કોરોનાના સંકજામાં આવ્યા છે. અને ૧૮ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. સાથે જ ૩ લાખ ૭૯ હજારથી વધુ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. જોકે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે એક રાહતરૂપ બાબત એ પણ છે કે, દેશમાં ૧૫ ઓગસ્ટે કોરોનાની વેક્સીન લોન્ચ થઈ શકે છે. આ વેક્સિનને ફાર્માસ્યુટીકલ કંપની ભારત બાયોટેકે (Bharat Biotech) તૈયાર કરી છે. ભારત બાયોટેક અને ICMR તરફથી વેક્સિન લોન્ચિંગની શક્યતા છે. તે ઉપરાંત ગુજરાતની ઝાયડસ કેડિલા કંપનીને વેક્સીનના પહેલા અને બીજા તબક્કાના ક્લીનિકલ ટ્રાયલની મંજૂરી આપવામા આવી છે.દેશમાં કુલ કેસોમાંથી ૧ લાખ ૮૬ હજારથી વધુ દર્દીઓ તો માત્ર મહારાષ્ટ્રમાં જ છે, જયાં ૮ હજારથી વધુ લોકોના મોત થયા છે. તમિલનાડુમાં ૯૮ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે અને ૧ હજારથી વધુ લોકોના જીવ ગયા છે.

જ્યારે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે(ICMR) શુક્રવારે જણાવ્યું કે, ભારત બાયોટેકે કોવિડ-૧૯ની દવા બનાવી લીધી છે. જેના ક્લીનીકલ ટ્રાયલ માટે ICMR ૧૨ સંસ્થાઓની પસંદગી કરી છે. ICMRનું કહેવું છે કે સરકાર તેને ૧૫ ઓગસ્ટે લોન્ચ કરી શકે છે.તો આ તરફ નવી મુંબઈ, પનવેલ અને ઉલ્લાસનગરમાં આજથી ૧૦ દિવસનું લોકડાઉન વધારી દેવાયું છે. ત્રણ જગ્યાએ સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે.દિલ્હીમાં કેસો વધી રહ્યાં હોવાથી સરદાર પટેલ કોવિડ કેર સેન્ટરમાં આજથી કોરોના સંક્રમિતોને એડમિટ કરાશે.

---

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૬૮૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૪૬૮૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૪૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૯૪૧**

---

## યુપીના કાનુપરમાં પોલીસ પર અંધાધૂંધ ફાયરિંગ

કાનપુર,તા.૩

ઉત્તરપ્રદેશના કાનપુરમાં ગુરુવારે મોડી રાત્રે એક વાગ્યે હિસ્ટ્રી શીટર વિકાસ દૂબેને પકડવા ગયેલી પોલીસ ટીમ પર દૂબેના સાગરીતો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાં સર્કલ ઓફિસર અને ૩ સબ ઇન્સપેક્ટર સહિત ૮ પોલીસકર્મીઓ શહીદ થયા છે જ્યારે ૭ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી પ્રમાણે બિઠૂરના એક ગામમાં પોલીસ વિકાસ દૂબેને પકડવા ગઇ ત્યારે છત પરથી તેના સાગરીતોએ પોલીસ પર હુમલો કર્યો હતો. આ હુમલાખોર પોલીસના હથિયારો પણ લૂંટીને જતા રહ્યાં હોવાના અહેવાલ છે. બીજી તરફ પોલીસે જણાવ્યું છેકે, આ અથડામણ બાદ કરવામાં આવેલા એક્રાઉન્ટરમાં વિકાસ દૂબેના ત્રણ સાગરીતો ઠાર મરાયા છે.

આ અથડામણમાં બિલ્હૌરના સીઓ દેવેન્દ્ર મિશ્ર, શિવરાજ પુરના એસઓ મહેશ યાદવ, ૨ સબ ઈન્સ્પેક્ટર અને ૪ કોન્સ્ટેબલ શહીદ થઈ ગયા છે. આ સિવાય ૭ અન્ય પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચી છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે.ઉત્તર પ્રદેશના ડીજીપી એચ સી અવસ્થીએ જણાવ્યું કે, વિકાસ દૂબે વિરુદ્ધ થોડા દિવસો પહેલા હત્યાના પ્રયાસનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

---

## દુનિયામાં ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૨ લાખથી વધુ કેસ

વોશિંગ્ટન,તા.૩

કોરોના વાયરસના સંક્રમિતોનો આંકડો દુનિયાભરમાં ભયાનક રુપ લઇ રહ્યો છે. આજે કોરોના સંક્રમિતા આંકડાએ કાલનો પણ રેકોર્ડ તોડી નાંખ્યો છે. ગઇકાલે દુનિયામાં ૧.૯૭ લાખ નવા કોરોના દર્દી સામે આવ્યાં હતા. આજે કોરોનાના નવા દર્દીનો આંકડો ૨,૦૦,૦૦૦થી વધારે જોવા મળ્યો. વર્લ્ડોમીટરના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દુનિયામાં ૨,૦૫,૧૬૨ કેસ નોંધાયા છે.

આ એક દિવસનો અત્યાર સુધીનો સૌથી વધારે આંકડો છે. જ્યારે દુનિયામાં અત્યાર સુધીમાં કોરોનાના ૧ કરોડ ૯ લાખ ૭૦ હજાર લોકો સંક્રમિત થઇ ચૂક્યાં છે, જ્યારે મૃતકોની સંખ્યા ૫ લાખ ૨૩ હજાર ઉપર પહોંચી ગઇ છે.

અમેરિકા અત્યારે પણ કોરોનાના સૌથી વધારે પ્રભાવિત દેશોની યાદીમાં સૌથી ઉપર છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૮.૩૩ લાખ લોકો સંક્રમણનો શિકાર થઇ ગયા છે, જ્યારે ૧ લાખ ૩૧ હજારથી વધારે લોકોના મૃત્યું થયા છે. બ્રાઝિલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭, ૯૮૪ કેસ નવા સામે આવ્યાં છે અને સૌથી વધારે ૧૨૭૭ લોકોના મૃત્યું થયા છે. બ્રાઝિલ પછી રશિયા અને ભારતમાં સંક્રમિતોની સંખ્યા દુનિયામાં સૌથી વધારે ઝડપથી વધી રહી છે. બ્રાઝિલ, રશિયા, સ્પેન, યૂકે, ઈટાલી, ભારત, પેરુ, ચિલી, ઈટાલી, ઈરાન, મેક્સિકો, પાકિસ્તાન અને તર્કીમાં કોરોના કેસની સંખ્યા ૨ લાખથી ઉપર પહોંચી ગઇ છે. જ્યારે જર્મની અને દક્ષિણ અરબમાં પણ ૧ લાખ ૯૦ હજારથી વધારે કેસ સામે આવ્યાં છે. ભારત દુનિયામાં સાથી વધારે કેસમાં ચોથા નંબર પર છે, જ્યારે સૌથી વધારે મૃત્યની યાદીમાં આઠમાં નંબર પર છે.

## તંત્રી સ્થાનેથી...

### ખાડો ખોદે તે પડેઃ ભારતને ઘેરવા જતા ચીન પોતે ઘેરાવા લાગ્યું છે કે શું....?

વિશ્વભરમાં કોરોના અટકવાનું નામ લેતો નથી. પરિણામે વિશ્વભરના લોકો ભારે મૂંઝવણભરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે.વિશ્વભરમા કોરોના કેસોનો આક ૧ કરોડ ૧૦ લાખ થવા પર આગળ વધી રહ્યો છે અને મૃત્યુઆંક ૫ લાખ ૨૪ હજારથી આગળ તરફ જઈ રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિતોનો આક ૬ લાખને પાર થઈ ગયો છે અને મૃત્યુ આંક ૧૮ હજારની સંખ્યાને આંબવા પર છે. આમ છતા વિશ્વભરમાં રાજકારણીઓથી કોરોના હારી ગયો છે. જેમાં કોરોના જનક ચીન કે જે મહામારી વચ્ચે ભારતને ચારે તરફથી ઘેરવાની નીતિ અખત્યાર કરી ભારતની સરહદો પર લશ્કરનો ખડકલો કરી દીધો છે. તો નેપાળના વડાપ્રધાન ચુંબનના પીઠ્ઠુ બની જઈને ભારત સરહદે નેપાળનું લશ્કર ખડકી દીધું.... પરંતુ નેપાળની પ્રજા ભારતની મિત્રાતા ભુલે તેમ નથી. ઉપરાંત ચીને તિબેટને શું હાલત કરી તે નેપાળની પ્રજા સારી રીતે જાણે છે-સમજે છે. ત્યારે વડાપ્રધાન ઓલીએ જે રીતે ભારતના વિસ્તારને નેપાળનો બતાવવા નકશા જાહેર કર્યા,ભારતની સરહદ પર ચોકીઓ ઉભી કરી દીધી, હિન્દી ભાષા પર પ્રતિબંધ તેમજ નેપાળી મહિલાઓનો નાગરિકતાના મુદ્દા ઉઠાવ્યા તેની સામે નેપાળની પ્રજામાં ભારે વિરોધ વંટોળ ઉઠ્યો છે. ખુદ ઓલુના સામ્યવાદી પક્ષમાં પણ ઓલી સામે વિરોધ ઉઠતા કદાચ પીએમ પદ ગુમાવવું પડે તેવી સ્થિતિ બની રહી છે. જો કે ઓલી પીએમ પદ બચાવવા નવો પક્ષ રચવાની તૈયારી કરી દીધી છે પરંતુ ત્યાંની બંધારણીય જોગવાઈ મુજબ ઓલીને પીએમ પદ ગુમાવવાની શક્યતા વધી પડી છે. ત્યારે પડોશી મિત્ર દેશ દગાખોરીનું માસ્ટર ચીને ભારતની સરહદે લશ્કરી જમાવડો કરવા સાથે પાકિસ્તાન દ્વારા લશ્કરી ઉબાડીયા શરૂ કરી દીધા છે. ચીન ભક્ત બની ગયેલા પાકિસ્તાને પણ ભારતની સરહદે ગોળીબાર, મોર્ટાર મારો સહિતના ઉબાડીયા વધારી દીધા છે. તો પાકિસ્તાની આતંકવાદીઓએ કાશ્મીરમાં આતંક મચાવવા ઉધામા વધારી દીધા છે. બીજી તરફ ચીને પણ પાકિસ્તાનની જેમ આતંકવાદી હુમલા કરાવવાનું શરૂ કરી આતંકવાદીઓને સમર્થન આપવાનું શરૂ કરી દીધું છે.... મ્યાંમારમાં આતંકીઓ પાસેથી ચીની હથિયારો મળી આવતા મ્યામારના લશ્કરી વડા ભારે આક્રોશમાં આવી ગયા છે અને ચાઈના પ્રેરીત આતંકવાદને ખતમ કરવા વિશ્વથી મદદ માંગી છે. ચીને રશિયાના એક વિસ્તારમાં જમાવડો કરતા ભારત મિત્ર રશિયા પણ ધુધવાયુ છે. આ કારણે ચીન સામે ભારત, રશિયા, મ્યામાર, જાપાન સહિતના દેશો આકરા પાણીએ તૈયાર થઈ ગયા છે. તો ચીન સામે અમેરિકાએ પણ એશિયામાં લશ્કરનો ખડકલો કરી દીધો છે. મતલબ કે ચીન હવે વિશ્વના દેશોથી વિખૂટું પડી ગયું છે. આને હવે ચીન સિવાયના મોટા ભાગના દેશો ચીન સામે પડી ગયા છે જેથી હવે ચીનના વળતા પાણી થશે..... જો એકાદ યુદ્ધખોરીનુ ખોટું પગલું ભરે તો.....!!

ભારતમાં મોટી તકલીફ એ બની રહી છે કે શાસકોની ભૂલની પણ વાહ વાહી કરવાનું કલ્ચર વિકસ્યું છે....! તેના કારણે દેશમાં આટલી બરબાદ થઈ છે... તો શાસકોએ ટીકાકારોને નગણ્ય ગણવાનું ચાલુ રાખ્યું.... મારા તારાને અગત્યના- મહત્વના સ્થાને ગોઠવવાનો રસ્તો અપનાવ્યો, વિરોધ પક્ષોને કે વિરોધ કરનારાઓને ગમે તેમ કરીને કોઈપણ પ્રકારે દબાવવાનું- ડામવાનું શરૂ કર્યું.....! તેનાથી દેશની તો બરબાદી થઈ.... પરંતુ શાસકોને આવનાર ભવિષ્યમા તકલીફો ઊભી થવાની સંભાવના વધી રહી છે.....! ચીન બાબતે વડાપ્રધાન જે જવાબ આપ્યો તેમાં વિદેશ મંત્રીની મોટી ભૂલ હતી... અને એ કારણે મોદીજીનો દેશમાં ગ્રાફ નીચે ઉતરી ગયો.... ઉપરાંત દેશના એક પણ રાજનેતાએ ચીનની આકરી ટીકા કે વિરોધ કર્યો નથી જેના કારણે દેશભરમાં કેન્દ્રીય સરકાર માટે ખોટો સંદેશો ગયો.... આને લોકોમાં આક્રોશ વધુ પ્રમાણમાં ફેલાયો છે. મોદી સરકારે ચીનની ૫૯ એપ્સ બંધ કરતા ચીન ઘુઘવાઈ ગયું....પરંતુ ચાઈના બૅંક બંધ ન કરવાને કારણે લોકો વિચારતા થઈ ગયા.... છતાં લોકોને લાગ્યું કે સરકાર ઠોસ કદમ ઉઠાવવા તરફ જઈ રહી છે. પરંતુ મોદી સરકારના આરટી પ્રધાન રવિશંકર પ્રસાદે ચીનની ૫૯ એપ્સ પ્રતિબંધને ડિજીટલ સ્ટ્રાઈક બતાવી પણ તેમાં ચીનનું નામ ન લીધુ કે કોની સામે ડિજિટલ સ્ટ્રાઈક છે તે ન બતાવ્યું....પરંતુ ભારતીયોના ડેટા સલામત ન હતા તેમ કહ્યું... ત્યારે લોકોનો સવાલ એ છે કે ચીનની એપ્સનો ઉપયોગ તો દેશભરમાં ઘણા લાંબા સમયથી થઈ રહ્યો છે ત્યારે હવે સરકારની નજર પડી...? તેથી લોકોમાં વધુ આક્રોશ પેદા થયો છે આ કારણે ૨૦ શહીદોને યાદ અપાવી દીધી. અને ૧ ની સામે ૧૦ માથા લાવવાની ભાજપાના નેતાઓની શુરાતની ચૂંટણી સભાઓને વાતો યાદ અપાવી દીધી છે જેના સોશિયલ મીડિયા પર મોદીજી થી લઈને ભાજપાના તમામ નેતાઓના વિડીયો વાયરલ થઈ રહ્યા છે.... ત્યારે હજુ પણ રાજ નેતાઓ સમજી વિચારીને બોલે તે શીખવાની જરૂર છે....!! ત્યારે મોદીજી સ્વયં લેહની મુલાકાતે પહોંચી ગયા ત્યાંનું નિરીક્ષણ કર્યું, જવાનો સાથે વાત કરી.... તો રશિયાના વડાપ્રધાન સાથે પણ વાત કરી... ત્યારે લાગે છે કે મોદીજી કદાચ ચીનને દગાખોરી ભુલવાડી દઈ શકે......!? વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૪/૦૭/૨૦૨૦, શનિવાર
સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૭,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૭-૪૯થી શુભ-૯-૩૦ સુધી, ૧૨-૫૧ થી ચલ-લાભ-અમૃત-૧૭-૫૩ સુધી, ૧૯-૩૪થી લાભ-૨૦-૫૩ સુધી, ૨૨-૧૩ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૧ સુધી

**- શુભ હોરા-**
૭-૧૬થી ૮-૨૩ સુધી,૧૦-૩૭થી ૧૩-૫૮ સુધી,૧૫-૦૬ થી ૧૬-૧૩ સુધી,૧૮-૨૭થી ૨૧-૨૦ સુધી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૯૧નો ઘટાડોઃ ચાંદીમાં રૂ.૩૩૧ની વૃદ્ધિઃ બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ

### કપાસ, કોટન, એલચીના વાયદાના ભાવમાં સુધારાનો સંચારઃ મેન્થા તેલ, સીપીઓમાં નરમાઈઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૦૨૧૫.૪૬ કરોડનંુ ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૪૭૯૯ સોદામાં રૂ. ૧૦૨૧૫.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૦૦૫૨.૨૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૬૩.૧૮ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧ ઘટ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો રૂ.૩૩૧ વધી આવ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને એલચીમાં સુધારા સામે મેન્થા તેલ અને સીપીઓમાં નરમાઈ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૧૯૩૮ સોદાઓમાં રૂ. ૫૪૪૯.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૦૫૩ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૧૯૦ અને નીચામાં રૂ. ૪૭૯૫૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૧ ઘટીને રૂ. ૪૮૦૬૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૫ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૮૬૫ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૩૯ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૫ ઘટીને બંધમાં રૂ. ૪૮૩૧૨ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૪૯૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૪૯૪ અને નીચામાં રૂ. ૪૮૪૦૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૩૧ વધીને રૂ. ૪૮૪૩૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૧૪૦ ઘટીને રૂ. ૪૯૨૦૩ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૧૩૭ ઘટીને રૂ. ૪૯૨૦૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૦૭૭૪ સોદાઓમાં રૂ. ૨૧૨૪.૧૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૧૯ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૩૧ અને નીચામાં રૂ. ૨૯૮૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨ ઘટીને રૂ. ૩૦૦૨ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૫૦૨ સોદાઓમાં કુલ રૂ. ૨૧૦.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૩૦ અને નીચામાં રૂ. ૧૫૮૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૦ વધીને રૂ. ૧૫૯૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૬૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૫ ઘટીને બંધમાં રૂ. ૬૬૧ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૭૫ ખૂલી, અંતે રૂ. ૩૯ વધીને રૂ. ૧૩૭૫ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૯૦.૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦૦ અને નીચામાં રૂ. ૯૮૬.૫ રહી, અંતે રૂ. ૯૮૯.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૮૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૫ અને નીચામાં રૂ. ૯૮૭.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૦૦ વધીને રૂ. ૯૯૩ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૯૪૭૪ સોદાઓમાં કુલ રૂ. ૩૬૬૩.૮૦ કરોડ ની કીમતનાં ૭૬૨૦.૮૯૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૨૪૬૪ સોદાઓમાં કુલ રૂ. ૧૭૮૫.૭૭ કરોડ ની કીમતનાં ૩૬૩.૫૨૨ ટન, ક્રૂડ તેલમાં ૨૯૫૦૬ સોદાઓમાં રૂ. ૧૨૮૩.૪૯ કરોડનાં ૪૨૬૮૭૦૦ બેરલ્સ, કોટનમાં ૩૩૩ સોદાઓમાં રૂ. ૧૭.૩૦ કરોડનાં ૧૦૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૦૮૧ સોદાઓમાં રૂ. ૧૮૬.૧૫ કરોડનાં ૨૮૩૪૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૩૮ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૫૪ સોદાઓમાં રૂ. ૫.૯૧ કરોડનાં ૫૯.૪ ટન, કપાસમાં ૩૩ સોદાઓમાં રૂ. ૬૫.૪૭ લાખનાં ૧૩૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૩૪૭.૧૧૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૧૫.૪૫૩ ટન, ક્રૂડ તેલમાં ૫૦૨૩ બેરલ્સ, કોટનમાં ૧૨૨૨૫૦ ગાંસડી, સીપીઓમાં ૭૦૭૫૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૨૦.૯૬ ટન અને કપાસમાં ૩૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૧૬૩.૧૮ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૨.૮૧ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૪.૪૬ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૫.૫૪ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૦ અને નીચામાં રૂ. ૪૧૯.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૪૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૮૩.૫ અને નીચામાં રૂ. ૩૧૮.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૬૧ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૯૬૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૬૮.૫ અને નીચામાં રૂ. ૧૮૧૩.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૬૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૩૧૩.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૩૮.૫ અને નીચામાં રૂ. ૧૨૫૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૯૭.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૫.૧ અને નીચામાં રૂ. ૪.૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૩૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૦ અને નીચામાં રૂ. ૧૧૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૯.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૧૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૫ અને નીચામાં રૂ. ૧૧૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૭.૯ બંધ રહ્યો હતો.

## પરીયા ગ્રા.પ.ના તલાટી કમ મંત્રી નો નિવૃત્તિ સમારંભ યોજાયો

મીતા પટેલ પારડી

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પરિયા ગ્રામપંચાતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી ના વયમર્યાદા થકી નિવૃત્ત થતા તેનો પારડી તાલુકા પંચાયત દ્વારા વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.

પારડી તાલુકા પંચાયતના તાબા હેઠળ ની પરિયા ગ્રામ પંચાયત મા ફરજ બજાવતા તલાટી કમ મંત્રી સુરેશભાઈ વી.પટેલ કે જેઓ ૧૯૯૦ થી તેઓ પ્રથમ મોરાઈ ગ્રામ પંચાયત ના સેજા થી પોતાની ફરજ ની શરૂઆત કરી હતી,ત્યાર બાદ તેઓ કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારની ગ્રામપંચાતો મા પણ ફરજ બજાવી બહુધા જરૂરિયાતમંદ લોકો ને તેમની ફરજમા મદદરૂપ બન્યા હતા.ત્યાર બાદ તેઓની ૩૦ વર્ષ ની ફરજ દરમિયાન તેઓ એ હંમેશા સરકારશ્રી ની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને લાભો ગામડાના સામાન્યમા સામાન્ય લોકો અને ગરીબો સુધી કેવી રીતે પહોંચે તેનો સતત પ્રયત્ન કરતા,ફરજ દરમિયાન તેઓ સમગ્ર સરકારી વહીવટી તંત્રમા પ્રામાણિક, ધીરગંભીર અને જવાબદાર ,કાર્યકુશળ કર્મચારીઓ ની ગણના થતી સાથે દરેક ગામોમા પણ તેઓની આવી છાપ લોકોમા રહેતા ખોટાકામો કરાવનારા ઘણા એવા લોકો તેઓની સામે નારાજગી રહેતી હતી.વયમર્યાદા ને લઈ નિવૃત્ત થતા પરિયા ગ્રા.પં.ના તલાટી કમ મંત્રી સુરેશભાઈ વી. પટેલ પારડી તાલુકા તલાટી મંડળ ના ઉપ પ્રમુખ તરીકે સેવા આપી સહકર્મચારીઓ ના હિતના કાર્યો કર્યા હતા, તેઓના નિવૃત્ત સમારાહ પ્રસંગે આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી પારડી નાસી.વી.લતા,પારડી તાલુકા મામલતદાર એન.સી. પટેલ, એક્સાઈઝ ઓફિસર મુકેશભાઈ,જી.ઈ.બી.ના ઈજનેર બલ્લુભાઈ ,નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી સી.એમ.પટેલ,પારડી તાલુકા ના તલાટીકમ મંત્રીઓ, પરિયા,દશવાડા, ખૂંટેજ સહિતના સરપંચો,સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા,આ પ્રસંગે તાલુકા પંચાયત ના પ્રમુખ નરેશભાઈ પટેલ સહિતના અધિકારી ,કર્મચારીઓ અને પદાધિકારીઓ એ નિવૃત્ત થતા કર્મચારી ને શુભેચ્છાઓ પાઠવી હતી.

### વલસાડની કપરાડા વિધાનસભાની પેટાચૂંટણી માટે ચર્ચાએ જોર પકડ્યું છે.

## કપરાડા પેટા ચૂંટણીમાં પૂર્વ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીને લડાવવાને લઈ ભાજપમાં ભારે વિવાદ

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

૧૫ માર્ચે રાજીનામું આપનારા ૪ ધારાસભ્યો અને જૂન મહિનામાં વધુ ૩ કોંગી ધારાસભ્યોએ રાજીનામા બેઠકો માટે સપ્ટેમ્બર મહિના સુધીમાં ભરવાની રહેશે. જેના કારણે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ વિધાનસભાની પેટાચૂંટણીઓ યોજાવાની શક્યતા રહેલી છે.ગુજરાત વિધાનસભાની આઠ ખાલી પડેલી બેઠકોની ચૂંટણી આગામી સપ્ટેમ્બર મહિનામાં વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઇ શકે છે. રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી યોજવા માટે અલગ અલગ એક્શન પ્લાન પર કામ શરૂ કરી દીધું છે. હાલમાં સપ્ટેમ્બરમાં ચૂંટણી યોજાય તે મુજબ તમામ તૈયારીઓ ચાલી રહી છે. કપરાડા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે કપરાડા ના પાનસ ના રેસ્ટ હાઉસમાં બંધ બારણે ભાજપના નિરીક્ષકોએ દાવેદારો અને કાર્યકરોને સાંભળ્યાં હતાં. જેમાં કોંગ્રેસમાંથી ભાજપમાં કેસરીયો ધારણ બાદ જીતુભાઇ ચૌધરીને પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે નકકી કરાયા હતાં. આ દરમિયાન વલસાડ સાંસદ કે.સી.પટેલે ભાજપના નિરીક્ષકો સમક્ષ જણાવ્યુ હતુ કે જીતુ ચૌધરીએ ભાજપના કાર્યકરો સામે કેસ કરાવ્યાં છે તેનું શુ એવો વેધક સવાલ રજુ કર્યો હતો. દાવેદારો અને કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી હતી કપરાડા વિધાનસભા બેઠક પર જીતુભાઇ ચૌધરીએ રાજીનામુ આપતાં હવે આ બેઠક પર પેટા ચૂંટણી માં ભાજપે પેટા ચૂંટણીની તૈયારી શરૂ કરી હતી. જે માટે ભાજપે ઈશ્વરભાઈ પટેલ અને ભરતસિંહ પરમારને કપરાડા સીટની જવાબદારી સોંપી છે. આ બંને નેતાઓ કપરાડા વિધાનસભા મત વિસ્તાર પહોંચી દાવેદારો અને કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી હતી.વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ અને પારડી ધારાસભ્ય કનુભાઇ દેસાઈની હાજરી વચ્ચે કપરાડા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે જીતુભાઇ ચૌધરીનું નામ ફાઇનલ થયુ હતું.ભાજપે જીતુભાઇ ચૌધરીને જ ચૂંટણી લડાવાનો ફાઇનલ નિર્ણય કર્યો જે દરમિયાન વલસાડ સાંસદ ડો.કે.સી.પટેલે ભાજપના નિરીક્ષકોને જણાવ્યુ હતું કે કપરાડા વિસ્તારના ભાજપના કાર્યકરો સામે જીતુભાઈએ અનેક કેસો કરાવ્યાં છે તેનું શુ ? જો કે સાંસદના સવાલના જવાબમાં નિરીક્ષકોએ સૌએ સાથે મળીને ચૂંટણી લડવાનું એવુ જણાવી વાતને ઉડાવી દીધી હતી. જયારે કપરાડા ભાજપના નેતાઓ જીતુભાઇના વિરોધથી દુર રહ્યાં હતાં. આમ આખરે કપરાડા પેટા ચૂંટણીમાં ભાજપે જીતુભાઇને જ ચૂંટણી લડાવાનો ફાઇનલ નિર્ણય કર્યો છે.

કપરાડા વિભાગના કદાવર નેતાઓ કારકર્તાઓને બાકાત રાખવા આવિયા હતા. ભાજપના કાર્યકરોએ જીતુભાઇ ચૌધરી માટે અંદરોઅંદર ઉમેદવારી માટે વિવાદ ઉભો રહ્યો.બીજી તરફ શંકરસિંહ વાઘેલા ની પાર્ટી કાનજીભાઈ પટેલે પણ કપરાડા વિભાગના કાર્યકરો સાથે મુલાકાત લીધી હોય તદુપરાંત કેટલાક આદિવાસી ના કાર્યકરો પણ ઉમેદવાર તરીકે ઉમેદવાર રાખવામાં આવે એવી શક્યતા છે

## સુત્રાપાડા નગરપાલિકા માં સરકારી ગ્રાન્ટ ની રકમ ગેરવલ્લે થયાની લેખિત ફરિયાદ



સુત્રાપાડાઃ (રાજુભાઈ પંડ્યા)

ગીર સોમનાથ જિલ્લામાં આવેલી સુત્રાપાડા નગરપાલિકા માં રાજ્ય સરકાર દ્વારા વિકાસલક્ષી કામો કરવા માટે ફાળવવામાં આવેલ વિવિધ યોજનાઓ હેઠળ ચારેક કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી હતી જેનાં કામો નક્કી કરી કરવા માટે સામાન્ય સભામાં સુધરાઈ પ્રમુખ ને સર્વાનુમત્તે સતા આપવામાં આવી હતી ત્યારે તેઓના દ્વારા સરકાર નાં નિયમો અને જોગવાઈ ઓ નું પાલન થતું ન હોવાનું ધ્યાને આવતાં સુત્રાપાડા ના ચેતનભાઈ બારડ દ્વારા પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ભાવનગર ને લેખિતમાં ફરિયાદ કરી છે. સુત્રાપાડા નગરપાલિકા ની ગત સામાન્ય સભા તા.૨૮/૧/૨૦૨૦ નાં રોજ મળેલી હતી જેમાં ૧૪ માં નાણાં પંચની ગ્રાન્ટ રૂપિયા ૧,૪૦,૫૮,૪૬૭/-,વિવેકાધિન યોજના હેઠળ રૂપિયા ૨૫,૦૦૦,૦૦/- અને યુ.ડી.પી.સી.સી. ની ગ્રાન્ટ ની રકમ રૂપિયા ૨,૨૫,૦૦૦,૦૦/- ત્રણેય ગ્રાન્ટ ની રકમ મળીને કુલ રૂપિયા ૩,૯૦,૫૮,૪૬૭/- નાં વિકાસલક્ષી કામો જે એજન્સી દ્વારા કરવામાં આવેલાં છે એ તમામ કામો નબળી ગુણવત્તા વાળા થયેલા હોય સરકાર ની ગ્રાન્ટ ગેરવલ્લે થયેલી છે ત્યારે સુત્રાપાડા સત્તાધિશો વિરુદ્ધ સક્ષમ અધિકારી દ્વારા તપાસ કરી ગેરલાયક ઠરાવવા અને થયેલી આર્થિક નુકસાની વસુલ કરવા માટે ચેતનભાઈ બારડ દ્વારા પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ભાવનગર ને લેખિતમાં રજૂઆત કરી માંગણી કરી છે. સુત્રાપાડા નગરપાલિકા દ્વારા જે એજન્સી દ્વારા કામો કરાવવામાં આવેલાં છે ત્યારે કરવામાં આવેલ કરાર મુજબ ત્રણ વર્ષ સુધી તમામ પ્રકારની મરામતની જવાબદારી કામ રાખનાર એજન્સી ની હોય છે ત્યારે નબળાં કામો કરવા બાબત એજન્સી ને બ્લેક લિસ્ટ જાહેર કરવામાં આવે એવી માંગ કરી છે. ચેતનભાઈ બારડ દ્વારા નગરપાલિકા સંબંધિત ગાંધીનગર વડી કચેરી ઉપરાંત જીલ્લા કલેકટર અને નાયબ કલેકટર સમક્ષ પણ રજૂઆત કરી છે. સુત્રાપાડા ના ચેતનભાઈ બારડ એ જણાવ્યું હતું કે સુત્રાપાડા નગરપાલિકા વિસ્તારમાં જુદા-જુદા વિસ્તારોમાં છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવેલ કામો માં સત્તાધિશો દ્વારા આચરવામાં આવેલ ગેરરીતિઓ વિરુદ્ધ આધાર પુરાવાઓ એકઠાં કરી વધુ ફરિયાદો કરવામાં આવશે.

### સિટી બ્યુટીફિકેશન માટે

## અમદાવાદ શહેરનું વધુ એક તળાવ અમદાવાદ મહાનગરપાલિકાને વિનામૂલ્યે સોંપવાનો મુખ્યમંત્રીશ્રીનો નિર્ણય

..મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ શહેરમાં રાજ્ય સરકાર હસ્તકના વધુ એક તળાવનો વિકાસ કરવા માટે આ તળાવ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વિનામૂલ્યે સોંપવાનો નિર્ણય કર્યો છે.

તદ્અનુસાર અમદાવાદના વેજલપૂર તાલુકાના સર્વે નં. ૭૮૩માં આવેલી ૩૨૦૭૨ ચો.મી. ક્ષેત્રફળનું આ તળાવ વિકાસ માટે અમદાવાદ મહાપાલિકાને ફાળવાશે

સિટી બ્યુટીફિકેશન માટે તથા આ તળાવની આસપાસના વિસ્તારના નાગરિકોને હરવા-ફરવા અને મનોરંજન માટેના પર્યાવરણપ્રિય સ્પોટ તરીકે મહાનગરપાલિકા આ તળાવનો વિકાસ કરશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે મુખ્યમંત્રીશ્રીએ આ અગાઉ માર્ચ-૨૦૨૦માં ૪ તળાવો તથા જૂન મહિનામાં ૧ તળાવ એમ કુલ પાંચ તળાવો અત્યાર સુધીમાં અમદાવાદ મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન માટે વિનામૂલ્યે સોંપેલા છે.મુખ્યમંત્રીશ્રીના નિર્ણય અનુસાર રાજ્ય સરકારે જે પાંચ તળાવો અમદાવાદ મહાપાલિકાને સિટી બ્યૂટીફિકેશન માટે સોંપેલા છે તેમાં વટવાના સર્વે નંબર ૯૦૭ પરનું વાંદરવટ તળાવ, છારોડીના સર્વે નંબર ૨૫૧ પરનું સરકારી તળાવ તેમજ ગોતામાં સર્વે નંબર ૧ પરનું ગામ તળાવ અને શીલજમાં બ્લોક નં.૮૬ પરનું સરકારી તળાવ અને ઘાટલોડીયા તાલુકાના સોલાના સર્વે નં. ૧ માં આવેલા ૩૭૧૯૪ ચો.મી. ક્ષેત્રફળના ગામ તળાવ સોલાનો સમાવેશ થાય છે

સીએમ-પીઆરઓ/અરૂણ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

કરંટ ટોપિક( સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યા પાછળ ઘૂંટાતુ રહસ્ય)
શીર્ષક : રમત
રમત રમતો હું ખૂબ
પણ સંસારની રમતમાં હું ફાવ્યો નહીં,
ભણ્યો ગણ્યો પણ ખૂબ,
પણ ખોટા સંબંધોનું ગણિત આવડ્યુ નહીં!
ભૂમિતીનાં પ્રમેય સાબિત બહુ કર્યા
પણ; સાચો હોવા છતાં,
પોતાની જાતને સાચી પૂરવાર કરતાં મને આવડ્યુ નહીં!
ખૂબ કિધા પ્રયોગો મેં
પણ;
આ સંસારની પ્રયોગશાળામાં અવલોકન કરતાં આવડ્યુ નહીં!
દાખલા ને ઉખાણાં ઉકેલવામાં પાવરધો હું
દંભી લોકોના કોકડામાં ગૂંચવાઈ ગયો!
હોંશિયારી મારી સઘળી એળે ગઈ,
પાખંડીઓ સામે હું ફાવ્યો નહીં!
વૈશાલી જે મહેતા

----------------------------------------

-એક શહીદ....
NG_ 0038
વિભાગ :- કરંટ ટોપિક ..."પદ્ય "
હું આવ્યો માઁ
શરીર ઉપર લપેટી તિરંગો
ઘેર હું આવ્યો માઁ....!!
તું મને કહેતી ને
દીકરો મારો બહાદુર છે
બહાદુરી બતાવી આવ્યો માઁ...!!
ધૂળ ચટાવી દુશ્મનને
ઉંચી રાખી શાન ભારતમાની
છેલ્લે શ્વાસ સુધી લડ્યો માઁ...!!
ના ઝૂકવા દીધો મેં તિરંગો,
ને રક્ષા કરી મેં ભારત માઁ ની
વતનનું નામ રોશન કરી આવ્યો માઁ....!!
જોઈ લપેટાયેલો મને તિરંગામાં
દિલ તારું તડપતું હશે
તારું ઋણ ઉતારવા
ફરીથી હું આવીશ માઁ...!!
શીલા પટેલ.....ગાંધીનગર

----------------------------------------

*NG/ 0039*
વિભાગ કરંટ ટોપિક
ચીની માલનો બહિષ્કાર

ચીને આખા વિશ્વમાં ફેલાવેલ કોરોનાની બીમારી આપણાં દેશમાં પણ ખૂબ પ્રસરી છે.સંક્રમકતા ઘટાડવા માટે અનેક વાર લોકડાઉન આપવું પડ્યું છે.જેની દેશના આર્થિક વિકાસ ઉપર ઘેરી અસર પડી છે. આપણે અત્યારે એક કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં છીએ. વળી ચીને દેશની સરહદ ઉપર આક્રમણ કરીને આપણાં અનેક સૈનિકોને શહીદ કરી નાંખ્યા છે. ચીન જો આપણી પાસેથી પૈસા મેળવીને આપણને પાયમાલ કરવાના ઈરાદા રાખતું હોય તો આપણે ચીની માલનો બહિષ્કાર કરવો જોઈએ.ચીન સસ્તો સામાન બનાવી શકે છે એટલે લોકો એ સામાન ખરીદવા પ્રેરાય છે તો શું આપણે આપણી ઔદ્યોગિક નીતિઓમાં સુધારા કરીને સસ્તો સમાન ન બનાવી શકીએ સરકાર ચીનમાંથી આવતા સામાન પર વધારે જકાત નાંખીને એને મોંઘો બનાવી દે તો લોકો સ્વદેશી વસ્તુઓ વાપરતા થઈ જાય. આયાત ઉપર પ્રતિબંધ પણ મૂકવો સહેલો નથી કારણકે આપણા ઉદ્યોગોમાં વપરાતું રો મટીરીયલ ચીનથી આવે છે. ચીનથી આવતી દરેક સસ્તી વસ્તુ આપણા દેશમાં જ બને એ રીતે ટેક્નોલોજીનો વિકાસ કરવો એ પાયાની બાબત છે. સરકારે આપણી ઔદ્યોગિકનીતિઓ, વ્યાપારની નીતિઓ અને વિદેશી નીતિઓમાં જે સુધારા કરવા પડે એ કરીને દેશને આત્મનિર્ભર કરવાના રસ્તે લઈ જવો જોઈએ. થોડું અઘરું છે, ચીનની વસ્તુનો સદંતર બહિષ્કાર એમ તરત શક્ય નથી. પણ એ માટે બનતા પ્રયત્નો ચાલુ કરી દેવા જોઈએ અને સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

----------------------------------------

*NG/0032*
વિભાગ : કરંટ ટોપિક
ગદ્ય
શીર્ષકઃ- " કોરોના લોકડાઉન"
જીવનમાં કયારેય આપણી પરીક્ષા નબળાઈ બતાવવા નથી થતી હોતી પણ આપણી તાકાત જાણવા માટે થાય છે.
લોક ડાઉનમાં થી આપણે શુ શીખ્યા???
LOCKDOWN
L. :- Limit
આપણે આવતીકાલના સોનેરી દિવસો શોધવાના છે .નહી કે ગઈકાલ સુધી બનેલી ઘટનાઓની ચિંતા કરવાની.
મર્યાદામાં રહીને મર્યાદા ઓને પાર કરો
*O*:- Opprotunity .
તક એ એક મોટરબસ જેવી હોયછે
એક જશે તો બીજી ચોક્કસ આવશેજ
*C* :- Creativity, courage over comfrot, Confidence
રચનાત્મક પ્રવૃતિ ,હિંમત અને વિશ્વાસ આ ત્રણેય
નો સુમેળ એટલે સફળતા
*K*:- KNOWLEDGE
જ્ઞાન મેળવવું એ ડહાપણ નું પ્રથમ પગથિયું છે
આપણે જે કર્મો કરીએ છીએ તેની કોઈ સીમા હોતી નથી.
D:- Diversity, Direction, Discipline
વિવિધતા, દિશાનિર્દેશ, અને અનુશાસન મળે એટલે નવા વિચારોને સફળતા મળે
O:- Optimisam
આશાવાદ એવુ આરક્ષણ છે કે જે સફળતા અને
સુખ સાથે અન્ય કરતા ખૂબજ વધારે સંકળાયેલું છે
W:-Wisdom, willpower
ડહાપણ અને મનોબળ ચમત્કાર સર્જે છે
*N*:- Never give upnever accept
less than tha best
જયા સુધી લીધેલા કે આદરેલા કામમાં
ઉત્તમ પરિણામ ના મળે ત્યા સુધી એ કામ જતુ
ના કરવુ .
મીના માંગરોલીયા મીનું
અમદાવાદ ૨૯/૬/૨૦૨૦

----------------------------------------

: NG/0033
વિભાગઃસુરતી હઝલ
શિષક :એની વાત ' કદી ' તું કરતો ની
પ્રેમમાં પડવાનું મન થાય,તો? પણ એમાં તું પડતો ની
પડતા એમાં જો પડી જવાય , તો પેટ ભરીને રડતો ની.
અત્યારે તો બોલતો છે કે હું એનો ને એ મારી
પણ દોસ્તારને કે કોઈને હો એની વાત કરી તું કરતો ની
ધક ધક કરતા મારા હૈયામાં એ જ વસે છે વર્ષોથી
ચપ્પુ લઈ જોવા દોડે પાછળ તો યે તું પણ ડરતો ની.
આખ્ખો દ્હાડો ને રાતે પણ બસ કાયમ મનમાં એ ને એ
'થા જરા દૂર મારાથી' એવું સ્હેજે પણ બોલતો ની
પાર્લર હોય કે હોટલ મોલ એક દિવસ પણ છોડે નહીં
ખાલી થઈ જાતાં ખીસ્સા તારા જોઈ જોઈ તું લડતો ની.
હોય ભલે ભરપૂર તને એના પર પ્રેમ છતાં 'કૃણાલ'
મા બાપ રહે વંચિત તારા પ્રેમે
એવું તું કરતો ની.
ટેલર કૃણાલ શાંતિલાલ ...સુરત

----------------------------------------

NG - 0037
વિભાગ - કરંટ ટોપિક.
શીર્ષક - ગદ્ય. અનુકૂલનનો અવસર.

વિશ્વ ખૂબ ઝડપથી પ્રગતિના પંથે આગળ વધી રહ્યું હતું.પણ અચાનક વિકટ પરિસ્થિતિનો સમય આવ્યો.વિશ્વની રફતાર રોકાઈ ગઈ.' કોરોના ' નામની મહામારી લોકોને પાંખ હોવા છતાં, આકાશે ઉડી ન શકે એવા પંખી જેવા મજબૂર બનાવી મૂક્યાં.શહેરો,મંદિરો,મહેલો, રસ્તાઓ સ્મશાન સમાન બની ગયાં.આમ પણ ટેકનોલોજીએ માનવ માનવ વચ્ચે મનના અંતર વધાર્યા હતાં.' કોરોના ' એ એક બીજાથી દૂર રહેવા મજબૂર કર્યા.

આવા કપરા સમયમાં ઘણા સમયથી ઘરમાં બંધ રહેતો,નાનો હર્ષ, 'કોરોના ' નામના વાયરશની વાતો, ન્યુઝ, સમાચાર પત્રો, સાંભળી ,સાંભળી કંટાળી ગયો. પોતાના દાદાજીને પૂછીયું, દાદાજી આપ તો કહેતાં હતાં, આપણે બધાં માનવીઓ ખૂબ શક્તિશાળી છીએ. આપણે બધાએ સાથે મળીને ખૂબ પ્રગતિ કરી છે. અવકાશમાં મિસાઈલો તરતી મૂકી છે. તો પછી આ ' કોરોનાને ' કેમ હાકી નથી શકતાં ? દાદાજી થોડો સમય સાવ શાંત રહ્યાં. હર્ષ કહે," હુ હવે આમ ઘરમાં બંધ નથી રહેવાનો. મારે એની સાથે લડવું છે."

દાદાજી હર્ષની વાત સાંભળી ખુશ થયા. શાંતિ પૂર્વક હર્ષના પ્રશ્નનો ઉત્તર આપે છે. જો હર્ષ, આ ' કોરોના ' એ કોઈ વ્યક્તિ કે રાક્ષશ નથી. જેની સાથે લડી શકાય. એ તો અદ્રશ્ય વાયરસ છે. એની સાથે લડવા માટે સાવચેતી,સમજદારી પૂર્વક એકબીજાથી દૂર રહી, એને ફેલાતો અટકાવવો એ જ લડાઈ કહેવાય.હર્ષ પણ દાદાજીની વાત એક ચિત્તે સાંભળી રહ્યો છે.

દાદાજી કહે," સત્ય તો એ છે, આપણે બધાએ પ્રગતિની દોડમાં પ્રકૃતિ સાથે અન્યાય કર્યો છે. આપણે જ આપણા પગ પર કુહાડો માર્યો છે. અમૃતથી છલકાતા આ વિશ્વમાં આપણેજ વિષ ઘોળ્યા છે. પણ તું ચિંતા ના કરીશ. ઈશ્વર ખૂબ દયાળું છે. કહેવાય છે ને દરેક નવ નિર્વાણ પહેલાં વિસર્જન થાય છે." ક્રિશ કહે જી દાદાજી. દાદાજી કહે, મે ઘણા સમયથી આપણે આંગણે આવતાં પંખીઓ નો કલરવ સાંભળ્યો નથી.પણ તું જુએ છે ને ક્રિશ ! હમણાંથી કેટલાં બધાં પંખીઓ જોવા મળે છે. કેટલાં મોજથી દાણા પાણી ખાઈ ઉડતા હોય છે. ક્રિશ કહે, "જી દાદાજી, મે ન્યૂઝમાં સાંભળું છે, લોકડાઉનને આભાર - નિહારીકા રવિયા કારણ પ્રદૂષણનું પ્રમાણ ઓછું થયું છે, નદીના નીર સ્વચ્છ થયાં છે. વનસ્પતિઓનો વિકાસ ઝડપી થઈ રહ્યો છે.આકાશ પણ એકદમ સફેદ બન્યું છે. જાણે પહેલાં કરતાં વધુ પ્રકાશ આપી રહ્યું હોય." દાદાજી કહે, ક્રિશ આ બધાં સંકેતો સારા છે.હવે કઈક નવું સર્જન થશે. આપણે બધાં ' કોરોના ' વાયરસ સામેની જંગ જરૂરથી જીતશું.

" હજારો નિરાશાઓમાં અમર આશા છુપાયેલી હોય છે.' આજનો સમય ભલે બધાં માટે વિકટ બની રહ્યો છે, પણ આજે પ્રકૃતિની ગોદમાં નીરવ શાંતિનો અહેસાસ થાય છે. આજ મનની શાંતિ આપણા બધાંનો આત્મવિશ્વાસ વધારે. ક્રિશ પણ હવે દાદાજીની વાતોથી એકદમ ખુશ ખુશાલ થઈ બોલો ઉઠ્યો, " આપણે બધાં સાથે મળીને આ વિશ્વ મહામારી સાથેની જંગ જરૂર જીતીશું અને ભારતનું નવ સર્જન કરીશું. ભારત ફરી એકવાર सोनेकी चिड़िया बनेगा ।
હેમલતા ટી. દિવેચા. જૂનાગઢ.

-------------------------------------------

NG 0031
વિભાગઃ- કરંટ ટોપિક
શીર્ષકઃ- એકાદશીનું? મહત્વ

ભારત એક ધાર્મિક પરંપરા મુજબ ચાલનારો દેશ છે.ભારતની મોટાભાગની વસ્તી હિંદુ ધર્મ ને જ અનુસરે છે.તેથી અહીં ઘણા બધા વાર, તહેવાર,વ્રત, ઉપવાસનું પણ ઘણું જ મહત્વ છે.દરેક રાજ્યમાં જુદાં જુદાં વ્રતનું મહત્ત્વ છે પણ એકાદશી એક એવું વ્રત છે જેનું મહત્વ પૂરા ભારતમાં એકસરખું જ છે.

વર્ષો પૂર્વે ભારતના ઋષિમુનિઓએ સ્વર્ગ-નર્ક આદિનો વિચાર મનુષ્ય સામે મૂકી તેમને સારા માર્ગે ચાલવા, સારા કર્મો કરવા જપ,તપ,વ્રત, ઉપવાસ કરવા સૂચન કર્યું છે, જેમાં એકાદશી વ્રતનું ખૂબ જ મહત્વ છે.

હિંદુ પંચાંગ મુજબ વર્ષના બાર મહિના છે અને આ બાર મહિનામાં સુદની અને વદની થઇ ચોવીસ એકાદશી આવે છે ઉપરાંત દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે.જે વર્ષે અધિક માસ હોય તે વર્ષે ૨૬ એકાદશી આવે છે.

બધી એકાદશીઓને અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે અને તે એકાદશી શું મહત્વ ધરાવે છે તેની ધાર્મિક કથાઓ પણ છે.જો એ બધી લખીએ? તો ગ્રંથોના? ગ્રંથો ભરાય જાય તેમ છે.

એકાદશીનું વ્રત શિવ, વૈષ્ણવ અને ક્ષૂદ્ર દરેક કરી શકે છે.જે લોકો બાર મહિના અગિયારસ ન કરી શકે તેઓએ દેવશયની એકાદશીથી કારતક સુદ એકાદશી એટલે કે પ્રબોધિની એકાદશી સુધીની સાડાચાર મહિનાની એકાદશી કરવી જોઇએ.

એકાદશીના વ્રતમાં ઉપવાસ કરવો જરૂરી છે.બને ત્યાં સુધી ઉપવાસમાં? ફક્ત ફળાહાર કરવો જોઈએ.જુદી જુદી ફરાળી વાનગીઓ બનાવીને ચટાકેદાર ન આરોગવું જોઇએ.પુરાણોમાં જણાવવામાં આવ્યું છે કે દિવસમાં એક વખત ભોજન લઇને એકાદશીનું? વ્રત કરનારને એક દિવસના પાપ નાશ પામે છે અને ઉપવાસ કરનારના ભવોભવના પાપ નાશ પામે છે.એકાદશીનું વ્રત આલોક અને પરલોકનું સુખ આપનાર છે.

એકાદશીનું ધાર્મિક મહત્વ તો છે જ સાથે આપણા આરોગ્ય માટે પણ ખૂબ જ મહત્વનું? વ્રત છે.
દેવશયની એકાદશી થી પ્રબોધિની એકાદશી સુધીનો સમય ચોમાસું અને શરદ ઋતુ કહેવાય? છે અને આ ઋતુમાં રોગો થવાની સંભાવના સૌથી વધુ હોય છે . માટે જે પણ વ્યક્તિ આ સાડાચાર મહિનાની એકાદશી કરે તો દર પંદર દિવસે તેને ઉપવાસ કરવો પડે તેથી તે દિવસ તેના પાચનતંત્રને આરામ મળે અને તેના પેટના અવયવો ફરીથી સારી રીતે કાર્ય કરી શકે.આર્યુવેદમાં કહ્યું છે ને કે 'જેનું સારું પેટ,તેનાથી રોગ ભાગે વેંત'એટલે જેને પેટ દર્દની કોઈ સમસ્યા ન હોય તેને કોઈ રોગ થવાની સંભાવના બહુ ઓછી છે.

આમ એકાદશીનું? આધ્યાત્મિક અને આર્યુવેદીક બંને રીતે આગવું મહત્ત્વ છે.
મેઘલ ઉપાધ્યાય રાજકોટ

-------------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
વિભાગ : કરંટ ટોપિક
NG No. :0034
શીર્ષક : માસ્ક,મુખોટું
ચહેરા પર ચહેરો લગાવીને ફરે છે
ઓ માનવ! તું શાને આટલો ડરે છે
પ્રકૃતિને અવગણીને, કર્યો સંહાર તે
કાળાં કૃત્યો છુપાવવા તું મુખોટું પ્હેરે છે!!

વર્તમાન પરિસ્થિતિમાં માસ્ક શબ્દથી સૌ કોઈ પરિચિત છે. અત્યાર સુધી માસ્કનો ઉપયોગ સામાન્ય જીવનમાં નહીંવત્ જ થતો હતો.પરંતુ સમગ્ર વિશ્વમાં કોરોના નો આંતક કેર વર્તાવી રહ્યો છે ત્યારે આ સૂક્ષ્મ વાયરસથી બચવાના એક નાનકડાં હથિયાર તરીકે માસ્કનો ઉપયોગ ખૂબ જરૂરી બન્યો છે.અલગ-અલગ ઓર્ગેનાઈઝેશન અને ખુદ સરકારે પણ માસ્ક પહેરવાનું ફરજિયાત કર્યું છે.

માસ્કનો ઈતિહાસ પણ રસપ્રદ અને ખૂબ પુરાણો છે.ચહેરાને છૂપાવવા કે દેવસ્થાનમાં પૂજા સમયે માસ્કનો ઉપયોગ થતો.શિકાર વખતે, યુદ્ધમાં રક્ષણ માટે ને રંગભૂમિ માં મનોરંજન માટે પણ મુખોટાંનો ઉપયોગ થતો. વિશ્વના ઘણાં દેશોમાં અલગ-અલગ નામથી ને જરુરિયાત પ્રમાણે માસ્કનો ઉપયોગ વર્ષોથી થતો રહ્યો છે.

અત્યારે બજારમાં અવનવી ડિઝાઇનનાં માસ્ક જોવા મળે છે.કોટન કાપડમાંથી બનાવેલ માસ્ક અમુક ટકા જ રક્ષણ આપે છે.મેડિકલ માસ્ક (સર્જીકલ અને નોન સર્જીકલ), દ્ર-૯૫ માસ્ક કે જે વધુ પ્રોટેક્શન આપે છે.જો કે માસ્કની સાથે-સાથે બીજી સાવધાની પણ રાખવી પડશે. માસ્કના યોગ્ય ઉપયોગ વિશે સમજણ કેળવવી પડશે. માસ્ક બનાવવાનાં ગૃહઉદ્યોગથી ઘણાં પરિવારોને રોજી-રોટી મળી છે એ પણ વાસ્તવિકતા છે. તો સામે માસ્કની કાળાંબજારી થાય છે એ વાત કેટલી શરમજનક છે!! માસ્ક પહેરવું આવશ્યક છે ત્યારે માનવતા નેવે મૂકીને અમુક તત્વો હજુ પણ સુધરવા નથી માંગતા!!

વાસ્તવિકતા એ છે કે પ્રકૃતિને પ્રદૂષિત કરીને માનવજાતે પોતાનાં પગ પર સ્વયં કુહાડી મારી છે.હવા, ધરતી,નભ,જળ બધું જ પ્રદૂષિત થઈ ચૂક્યું છે. પ્રકૃતિની ચેતવણીને અવગણીને મનુષ્ય સતત તેને નુકશાન કરતો રહ્યો છે. પોતાનાં કાળાં કૃત્યોને પરિણામે જ આજે તેને મોં છુપાવવાનો વારો આવ્યો છે.જેમ વર્ષો પહેલાં ચોર લૂંટારુઓ મોંઢે બુકાની બાંધીને ફરતાં.. શું આજે દરેક મનુષ્ય પ્રકૃતિનાં ચક્રને છંછેડવાની સજા ભોગવી રહ્યો છે ??
ડો. રેખા શાહ



પાલનપુરમાં ગણા ભિક્ષુકો ફરતા હોય છે ત્યારે પાલનપુરમાં પવન ફૂટવેર નામની દુકાન ચલાવનાર નિસ્વાર્થ સેવા સંગઠનના ઠાકોરદાસ ખત્રી દ્વારા ભિક્ષુક ને વાળ ,દાઢી કાપી નવા કપડાં પહેરાવી માસ્ક પહેરાવી તૈયાર કરી સ્વચ્છ કરવામાં આવ્યો હતો ઠકોરદાસ ખત્રી દ્વારા દર વર્ષે આ રીતે ભિક્ષુકો ની સેવા કરવામાં આવે છેપાલનપુરમાં નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા ભિક્ષુક ને કપડા આપી વાળ કાપી તૈયાર કરી સ્વરછ કરાય,ધર્મેશ રાઠી.પાલનપુર

## કેશોદ પ્રેસ કલબના પ્રમુખ ગોવિંદ હડિયા ઉપ પ્રમુખ ચેતન પરમાર, મંત્રી જય વિરાણીની બીજી વખત બિન હરીફ વરણી


કેશોદ:(રાજુભાઈ પંડ્યા)
કેશોદ પ્રેસ કલબની બે વર્ષ પહેલાં રચના કરવામાં આવી હતી ત્યારે પ્રેસ કલબનાં હોદેદારોની સર્વાનુમતે બિન હરીફ વરણી કરવામા આવી હતી જેમાં પ્રેસ કલબનાં પ્રમુખ તરીકે ગોવિંદ હડિયાની સર્વાનુમતે બિન બિન હરીફ વરણી કરવામાં આવી હતી તાજેતરમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા રીપોર્ટરોની પ્રેસ કલબનાં નવા સંગઠનના હોદ્દેદારોની વરણી માટે પ્રેસ કલબનાં હોદેદારોની મીટીંગ મળી હતી જેમાં કેશોદ પ્રેસ કલબનાં પ્રમુખ તરીકે ગોવિંદ હડિયા ઉપ પ્રમુખ ચેતન પરમાર(સી. કે.) મંત્રી જય વિરાણીની સર્વાનુમતે બીજી વખત બિન હરીફ વરણી કરવામાં આવીછે જ્યારે કેશોદ પ્રેસ કલબનાં મહામંત્રી તરીકે કેશોદના પીઢ પત્રાકાર કિશોરભાઈ દેવાણીની સર્વાનુમતે બિન હરીફ વરણી કરવામાં આવીછે તેમજ ગિરીશભાઈ દવે, પ્રવિણભાઈ કરંગીયા, રાજુભાઈ પંડયા,જગદીશ યાદવ, અશોકભાઈ રેણુંકા, હરેશભાઈ જોષી, કમલેશભાઈ જોષી સહીતના હોદેદારોની કેશોદ પ્રેસ કલબનાં કારોબારી સભ્યો તરીકે નિમણૂંક કરવામાં આવીછે.

## વંથલી પોલીસે માસ્ક ન પહેરનાર ૪૨ વ્યક્તિ ને દંડ ફટકારીયો



વંથલીમાં માસ્ક ન પહેરનાર લોકો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે કોરોના કહેર ને લઈ ને સરકારની ગાઈડ લાઈન છતા માસ્ક ના પહેરતા લોકો સામે વંથલી ના નવનિયુક્ત પીએસઆઈ બી.કે.ચાવડા અને પોલીસ સ્ટાફ દ્વારા એક જ દિવસમાં ૪૨ કેસ કરી કુલ રૂપિયા ૮૪૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો આગળ પણ માસ્ક ન પહેર સામે કાર્યવાહી ચાલું રહેશે તેમ ચાવડા એ જણાવ્યું હતુ
સ્વીર - જયદીપ બરવાડીયા
અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

### અરવલ્લી :લોકડાઉનથી આધારકાર્ડ કાઢવાનું બંધ તો કરાયું
## કલેક્ટર કચેરીમાં આધારકાર્ડના દસ્તાવેજો ખુલ્લામાં ધૂળ ખાઈ રહ્યા છે



અરવલ્લી બ્યુરો મોડાસા
અરવલ્લી જિલ્લા કલેકટર કચેરીમાં લોકડાઉનથી જ આધારકાર્ડની કામગીરી બંધ કરવામાં આવી છે.ત્યારે કલેકટર કચેરીમાં આધારકાર્ડની કામગીરીના દસ્તાવેજી પુરાવા ખુલ્લામાં ધૂળ ખાતા નજરે પડયા હતા. આધાર રીસિપટમાં અરજદારોના નામ,નોંધણી નંબર સહિતની માહિતી જોવા મળી હતી.આધારનું કામ કરતી જે તે એજન્સીની ઘરો બેદરકારી ના પુરાવા સામે આવતાં જિલ્લા વહીવટી તંત્ર ની પોલ ખુલી ગઈ હતી.અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં આધારકાર્ડ કાઢવાની કામગીરી માટે કલેકટર કચેરી ખાતે અલગ ટેબલ આપી જિલ્લામાં આધારકાર્ડની કામગીરી જે તે એજન્સીને સોંપાઈ હતી.પરંતુ હાલ કોરોના ની મહામારીને લઈ જયાર થી લોકડાઉન આપવામાં આવ્યું ત્યાર થી આધારકાર્ડ ની કામગીરી બંધ કરાઈ હતી.પરંતુ કલેકટર કચેરી માં આધારકાર્ડ ના દસ્તાવેજી પુરાવા ખુલ્લામાં ધૂળ ખાતા જોવા મળ્યા હતા.આધારનું કામ કરતી એજન્સીની બેદરકારી થી લોકોની આધાર રીસિપ્ટ માં અરજદારોના નામ,નોંધણી નંબર સહિતની માહિતના કાગળ ખુલ્લામાં ટેબલ ઉપર પડી રહેતા વહીવટી તંત્રની વધુ એક બેદરકારી સામે આવી હતી.

# લીંબડીમાં વધુ ત્રણ કોરોના કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી

**લીંબડી શહેર માં સરકારી તંત્ર એ ગાઈડ આપવામાં આવી છે છતાં લોકો ઉંલાલઘ્ન કરતા હોય એવું લાગે છે અને સરકારી ગાઈડ લાઈન ની એસી કી તેસી કરતા લીંબડી શહેર ના લોકો.**





સમગ્ર ભારતમાં કોવિડ ૧૯ માં કોરોના વાયરસ નું સંક્રમણ વધતુ જાય છે,ત્યારે હવે લીંબડી માં પણ કોરોના કેસ વધતા જાય છે, પણ લીંબડીના લોકોમાં સોશ્યલ ડિસ્ટન્સનો ઘણો જ અભાવ જોવા મળ્યો છે. હજુ લોકો કોરોનાનો ડર રાખ્યા વગર તેમજ સરકાર ની ગાઈડ લાઈનનુ ઉલંઘન કરીને માસ્ક નથી પહેરતા હોતા, અને ખુલ્લા મોઢે લીંબડી ની બજાર માં નીકળતા જોવા મળી રહ્યા છે. ત્યારે આજે શુક્રવારે લીંબડી શહેરમાં વધુ ૩ કોરોના કેસ પોઝીટિવ આવ્યા છે. લીંબડી શહેરમાં કોરોના ના ૩ કેસ પોઝિટિવ સામે આવ્યા હોવાનું જાણવા મળતા લીંબડી આરોગ્ય તંત્ર, સરકારી તંત્ર માં દોડધામ મચી ગઈ હતી. લીંબડી નદીકાંઠે રહેતા ૩૦ વર્ષીય શીતલબેન રાકેશભાઈ સોલંકીને કોરોના પોઝિટિવ આવ્યા બાદ તેઓને લીંબડી હોસ્પિટલે એમ્બ્યુલન્સ માં લઈ જવામાં આવ્યા છે, તેમજ લીંબડી મથુરાપરા રહેતા ૬૦ વર્ષિય આધેડ ઈશ્વરભાઈ વિરજીભાઈ ચાવડા ને કોરોના પોઝિટિવ આવ્યો છે, આથી તેઓને સુરેન્દ્રનગરની કોવીડ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જયારે લીંબડીના કૃષ્ણનગરમા રહેતા ૨૩ વર્ષીય નિમિષાબેન મુકેશભાઈ વાલેરાને કોરોના પોઝિટિવ આવતા તેઓને પણ સુરેન્દ્રનગર કોવીડ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. આથી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં આજુ બાજુમાં રહેતા લોકોને હોમ ક્વોરોન્ટાઈન પણ કરવામાં આવ્યા છે, અને લીંબડી નગરપાલિકા દ્વારા સેનેટાઈઝર દવાનો છંટકાવ તેમજ વિસ્તારો માં આડસો મૂકીને શીલ પણ કરી દેવામાં આવ્યા છે.

રિપોર્ટર-દિપકસિંહ વાઘેલા,લીંબડી

### મોડાસા-શામળાજી હાઈવે પર ચક્કાજામ

# હાઈવે રીપેરીંગ ડાયવર્જનથી ત્રણ દિવસમાં બે અકસ્માત થતા ગાજણકંપા નજીક લોકોનો ચક્કાજામ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના મોડાસા શામળાજી રોડ પર ટોલ કંપની દ્વારા વાહન ચાલકો પાસે થી વર્ષે દહાડે કરોડો રૂપિયા નો ટોલટેક્ષ ઉઘરાવી સુવિધાઓ પુરી પાડવામાં ઉણું ઉતર્યું હોવાની ફરિયાદો વચ્ચે રોડનું એલ એન્ડ ટી કંપની દ્વારા સમારકામ ચાલી રહ્યું છે આ કામ ગોકળગાય ની રીતે ચાલી રહ્યું છે તેમજ કેટલીક જગ્યાઓ એક તરફ ની ખોડબા ગામ ના બમ્પ પાસે મરામત છોડી દેવાયું તેમજ ચોમાસા ની શરૂઆતે થવા ના અગાય થીજ કામ શરૂ કર્યુંઅને સમગ્ર રસ્તો બિસ્માર બની ગયો છે અનેક જગ્યાએ મોટા મોટા ગાબડા ના કારણે વાહનોના અકસ્માત વધવા માંડ્યા છે સ્થાનિક લોકો ભારે હાલાકી નો સામનો કરી રહ્યા છે તંત્રી દિવસમાં બબ્બે અકસ્માત થતાં કરૂણતા ના દશ્યો સર્જાયા હતા લોકોની રોકકળ હૈયું હચમચાવી મૂકે એવી બની હતી. અને આ ડાયવર્જનના કારણે વારંવાર અકસ્માત ને નિર્દોષ લોકોના જાન લેવાઈ જતા આડેધડ ચલાવાતા વાહનો સામે લોકોનો રોષ ચરમસીમાએ પહોંચી જતા આજે ગાજણ કંપા ના લોકોએ હાઈવે પર ચકકાજામ મચાવી વાહનોને થંભાવી દીધા હતા અને પરિસ્થિતિ બેકાબૂ બનતા હાઈવે પોલીસ સહિત નો પોલીસ કાફલો સ્થળ પર આવતા પરિસ્થિતિ થાળે પડી હતી અને વાહનવ્યવહાર પુનઃ ચાલુ કરી દેવામાં આવ્યો હતો.

### લોકો હજુ માસ્ક વગર નજરે પડી રહ્યાં છે...

# કાણોદર ગામમાં ત્રણ કોરોના પોઝિટિવ કેશ આવતા ગ્રામજનોમાં ફફડાટ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આરોગ્યની ટીમ કાણોદર ગામમાં વિઝીટ કરી રહી છે તટસ્થ જવાબદારી પૂર્વક કામ કરે તો અન્ય પણ કોરોના કેશો સામે આવી શકે તેમ છે.સમગ્ર ગુજરાતમાં કોરોનાની મહામારી દિવસે ને દિવસે વધતી જાય છે ત્યારે બનાસકાંઠામાં પણ અત્યાર સુધી ૨૩૭ જેટલાં કેશ સામે આવ્યા છે હજુ પણ કેસો વધે તેવી સંભાવના સેવાઈ રહી છે ત્યારે હવે લોકો સ્વયં-જાતે જાગૃત બને તો જ કોરોના સામે લડત આપી શકે તેમ છે ત્યારે પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં કોરોના પોઝિટિવના ત્રણ કેસ સામે આવતાં સમગ્ર ગામમાં અને ગ્રામજનોમાં એક ફફડાટ વ્યાપી જવા પામ્યો છે હજુ પણ આરોગ્ય વિભાગ કાણોદર ગામના સેમ્પલ લે તો પણ વધુ કેસ સામે આવે તો નવાઈની વાત નહી તેવું સુત્રો દ્વારા જાણવા મળેલ કે કાણોદર ગ્રામ પંચાયતના જાગૃત સરપંચ જહીરભાઈ ચૌધરી જે ઙ્ઘીજ્રટ્ઠઙ્ઘિઙ્ઘહ સમયે ફરજ બજાવી પરંતુ જ્યારે હવે ખરો ફરજ બજાવવાનો સમય આવ્યો ત્યારે કાણોદર ગામમાં ત્રણ જેટલાં પોઝિટિવ કેસો સામે આવ્યાં તો કેમ કોઈ પણ જાતનું lockdown કે માસ્ક વગર ફરતાં લોકો સામે દંડનીય કાર્યવાહી કરશે કે કેમ બીજી બાજુ ગામના ડેપ્યુટી સરપંચ ની પણ એટલી જવાબદારી બને છે કે ગામમાં વધતાં જતાં કેસોને લઈ સતકર્તા સાથે જવાબદારીપૂર્વક કામ કરી લોકોને અને ગ્રામજનોને માસ્ક અને સેનેટાઈજર આપે-અપાવે તેવી લોક માંગ ઉઠી છે ..

# માલપુરમાં ધોધમાર વરસાદ,માલપુર બજારમાં પાણી ભરાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુર પંથકમાં ધોધમાર વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો અને ખેતરોમાં પાણી ફરી વળ્યું હતું માલપુર નગરમાં બજારોમાં પાણી ફરી વળતા વેપારીઓએ અને પ્રજાજનોએ માલપુર ગામમાં ભરાતા પાણીના નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી માલપુરની બજોરોમાં નદીઓ વહેતી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો મેઘરાજાની તોફાની બેટિંગથી શાકભાજી-ફ્રૂટ અને ચીજવસ્તુઓનું વેચાણ કરતાં ફેરિયાઓની હાલત કફોડી બની હતી માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘમહેર થતા ખેતીને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો . માલપુર નગરમાં શુક્રવારે બપોરના સુમારે વાતાવરણ માં એકાએક પલટો આવતા આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા બાદ થોડીકજ મિનિટોમાં કડાકા-ભડાકા સાથે મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરતા મન મૂકીને વરસતા ઠેર-ઠેર પાણી ભરાયા હતા ભર બપોરે રાત્રી જેવો માહોલ સર્જાતા વાહનચાલકો એ વાહનોના લાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી અચાનક પડેલા સાંબેલાધાર વરસાદ થી જનજીવન સ્થગિત થયી ગયું હોય તેવો માહોલ પેદા થયો હતો અસહ્ય બફારા અને કાળઝાળ ગરમીથી લોકોએ રાહત અનુભવી હતી વરસાદી વાતાવરણ બનતાજ વીજળી ડૂલ થયી જતા લોકો માં ભારે રોષજોવા મળ્યો હતો

### LRD મહિલાઓએ રણશિંગુ ફુક્યું

# LRD મહિલાઓએ ફરજ પર હાજર કરવાની માંગ સાથે અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર



અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકારને નાકે દમ લાવી દેનાર એવા એલઆરડી ભરતી પ્રકરણ સમગ્ર દેશમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો જેમાં અનામત વર્ગની મહિલા ઉમેદવારોને નુકશાનકારક ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ- GADએ ૧લી ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવને રદ કરવાની માંગ સાથે ૭૨ દિવસ સુધી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠી હતી અંતે સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે સમાધાન થતા આંદોલન સમેટાયું હતું પરંતુ હજુ સુધી મહિલા LRD ની પરીક્ષામાં પાસ થયેલ મહિલા ઉમેદવારોને ફરજ પર હાજર ન કરાતા ઉમેદવારોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ત્યારે LRD બહેનોને વહેલી તકે ફરજ પર હાજર કરવામાં આવેની માંગ સાથે અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સરકાર ફરજ પર સત્વરે હાજર નહિ કરે તો ફરીથી રાજ્ય વ્યાપી આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી

ગુરુવારે અરવલ્લી જીલ્લાની LRD ભરતીમાં ઉત્તીર્ણ થયેલ મહિલાઓએ જીલ્લા અધિ.કલેક્ટર આર.જે.વલવીને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, છેલ્લાં ઘણાં સમય થી LRD બહેનો ની ભરતી વિવાદમાં રહી છે , ગાંધીનગર માં ૭૨ દિવસના આંદોલન બાદ રાજ્ય સરકારે સમાધાન ફોર્મ્યુલા અપનાવી બહેનો નું આંદોલન શાંત પાડ્યું હતું જે વાતને આજે ચાર મહિના જેવો સમય વિતી ચુક્યો છે તેમ છતાં હજુ સુધી × લોક રક્ષક ભરતી બોર્ડ × દ્વારા બહેનો ને ફરજ પર હાજર કરવામાં નથી આવ્યા હાલ ની પરિસ્થિતિ ને ધ્યાને લેતા એવું લાગી રહ્યું છે કે રાજ્ય સરકાર કોરોનાની મહામારી વચ્ચે ફરી એકવાર અમોને આંદોલન કરવા માટે મજબૂર કરી રહી છે

આ આવેદન પત્ર આપની જાણ સાર આપવાનું LRD ની તમામ બહેનો તથા વિવિધ સમાજ અને સંગઠનો દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે જો ૧૫/ ૦૭/૨૦૨૦ સુધીમાં LRD બહેનો ને હાજર કરવામાં નહીં આવે તો ફરી એકવાર ગુજરાતમાં રાજ્ય વ્યાપી આંદોલન કરવામાં આવશે સરકાર કોરોનાની મહામારી વચ્ચે રાજ્ય સરકાર અમને આંદોલન કરવા માટે મજબૂર ના કરે અને વહેલી તકે બહેનો ને હાજર કરવામાં નહિ આવે તો વધુ એકવાર ગાંધી ચીધ્યા માર્ગે રાજ્ય વ્યાપી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી

### કપરાડા તાલુકાના શિક્ષકો નિવૃતીના આરે

# કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષકોની સર્વિસ બુકના અપડેટેશનનું કામ દોઢ વર્ષથી અટવાયું જવાબદાર કોણ ?

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પ્રાથમિક શિક્ષકોની સળંગ સિનિયોરોટી,સર્વિસ બુકના અપડેટેશનનું કામ મોટાપોઢા ના આચાર્ય અશોક પટેલ દ્વારા કરવામાં આવે છે

કપરાડા તાલુકાના સંઘના હોદ્દેદારોએ શાળા ના શિક્ષકો પાસે વચેટીયા શિક્ષકો મારફત મોટાપોઢા ના શિક્ષક તરીકે ફરજ બજાવતા તમામ કામગીરી સોંપવામાં આવી છે.હાલમાં ન્યુઝ ઓફ ગાંધીનગર માં અહેવાલ પ્રસિધ્ધ થતા તમામ ફાઈલ સંઘ ના પ્રમુખ અને મહામંત્રી દ્વારા લઈ જવા આવી છે.

કપરાડા તાલુકામાં ફરજ બજાવતા શિક્ષકોની હવે ક્યાં સુધી રાહ જોશે એક મોટી સમસ્યા છે. ૯, ૨૦ અને ૩૧વર્ષો સુધી ફરજ બજાવ્યા બાદ કામ કરવાના રુપિયા આપ્યા તેમ છતા નાણાકીય લાભ મળી રહ્યો નથી.

ઉચ્ચતર પગાર ધોરણની રાહ જોઈ અત્રે ઉલ્લેખનિય છે કે, કામના મોટી રકમ લેવામાં આવી છે છતાં પણ કામ ના કરવા પાછળ ની હેતુ શુ હોય શકે ?

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પ્રાથમિક શિક્ષકોની ધીરજ ખુટી રહી છે શિક્ષકોની સળંગ સિનિયોરોટી અપડેટેશનનું લાભાર્થીઓ જણાવ્યું કે ગણતરી કરીએ તો કાર્ય છેલ્લા દોઢ વર્ષથી અટવાયું છે. હતું કે, કપરાડા તાલુકાના શિક્ષકો પાસેથી છેલ્લા દોઢ વર્ષમાં વિવિધ કામગીરીના નામે તાલુકાના તમામ શિક્ષકો પાસેથી ઉઘરાણી કરવામાં આવી છે શિક્ષકો પાસે અવાર નવાર રૂપિયા ઉઘરાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. જો કે કેટલાક શિક્ષકો પાસે ૭માં પગાર પંચના સ્ટીકર ,ઍરિયસ, ઈજફો ચઢવવા,રજા ચઢાવવા,વય નિવૃતિના લાભ પેન્શન કેસ,ફેમેલી પેન્શન, રાજ્ય વીમાનો લાભ કોઈ ને કોઈ પ્રકાર ના બહાનાહેઠળ

સરકાર દ્વારા અપાતા લાભ અને તેનું કામ પુરૂ કરવાનું જબરદસ્તી રૂપિયા પડાવવા માં આવે એ માટે ભારે રોષ જોવા મળ્યો છે રુપિયાના આપે તો અનેક રીતે હેરાન પરેશાન કરવામાં આવે છે. કેટલાક શિક્ષકો નિવૃતી ના આરે હોવા છતા નિવૃતિ પેન્શનના કેસની કામગીરી ના કરી લાભથી વંચિત કિસ્સાઓમાં જવાબદારી કોની છે. આ સમગ્ર કામગીરીઓ તાલુકા પંચાયત શિક્ષણ સમિતિએ ,TPO એ કરવાની હોય છે છતા તાલુકા સંઘ નાં હોદ્દેદારો અને એમના મળતીયાઓ મલાઈ ખાવા ઓફિસમા આટા ફેરા મારી ધાક જમાવે છે. ૨ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ ઓફિસમા આવનાર મુલાકાતિઓ નુ રજિસ્ટર કેમ નથી બનાવ્યુ છે. આવાં લેભાગુ તત્વોથી શિક્ષકો ને બચાવી પાર દર્શક વહિવટ નો નમૂનો પૂરો પાડવો જોઈએ કામગીરી વિ કેન્દ્રીકરણ ની રીત અપનાવે તો ઝડપી લાભ મળી શકે.પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો મનમાની કરે છે. વલસાડ જિલ્લાના શિક્ષકોની ૧૦૦% કામગીરીને પૂર્ણ કયારે?

આ બધા સરકારે જાહેર કરેલા લાભો શિક્ષકોને મળવા પાત્ર લાભ થયેલા અસહ્ય વિલંબના કારણે શિક્ષકોમા તાલુકા સંઘ,જિલ્લા સંઘ અને રાજય સંઘ ના હોદ્દેદારો પ્રત્યે ખૂબ જ આક્રોશ જોવા મળી રહ્યો છે.

### કોરોના મહામારી વચ્ચે

# કાંકરેજ તાલુકાના રવીયાણા ગામના યુવાને પાણીપુરીનું આધુનિક ટેક્નોલોજીવાળુ મશીન બનાવ્યુ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના મહામારી વચ્ચે કાંકરેજ તાલુકાના રવીયાણા ગામના યુવાને પાણીપુરીનું આધુનિક ટેક્નોલોજીવાળુ મશીન બનાવ્યુ છે.જેમાં એટીએમ મશીનની માફક સુવિધાઓ હોવાનું સામે આવ્યુ છે. પૈસા નાંખતાથી સાથે જ પાણીપુરી બહાર આવતી હોઈ સ્વચ્છતા, સોશિયલ ડિસ્ટન્સ સહિતની અનેક કાળજીઓનું પાલન થતું હોવાનું વિડીયો આધારે સામે આવ્યુ છે.છેલ્લા કેટલાક દિવસોની મહેનત બાદ યુવકે પૈસા નાંખી પાણીપુરી બહાર આવે તેવું મશીન બનાવ્યુ છે. બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના રવિયાણા ગામના ભરત પ્રજાપતિ નામના યુવકે પાણીપુરીના વ્યવસાયમાં આમૂલ પરિવર્તન કરતી મશીનરી ઉભી કરી છે.

લારીઓ પર પાણીપુરી બનાવીને આપતાં ધંધાર્થીઓની હરીફાઈમાં નવી ટેક્નોલોજીનું સર્જન કર્યુ છે. ભરત પ્રજાપતિ નામના યુવકે ધોરણ-૧૦ સુધી અભ્યાસ કરી વ્યવસાયમાં મગજ દોડાવી રાખ્યુ છે. જેમાં કોરોના મહામારી વચ્ચે પૈસા નાંખો અને પાણીપુરી ખાઓ તે પધ્ધતિએ મશીન બનાવ્યુ છે. જેમાં એટીએમની જેમ કાર્ડને બદલે પૈસા નાંખીએ તો પાણીપુરી બહાર આવે છે. જેનાથી સ્વચ્છતાનો સૌથી મોટો લાભ મળે છે તેમ ભરત પ્રજાપતિએ જણાવ્યું હતું.

# સિદ્ધપુરની નામાકિંત એમ.પી.હાઈસ્કૂલનાં ૧૯ વિદ્યાર્થીઓએ ૯૦ થી વધારે PR મેળવી મેદાન માર્યુ

ધ્રુવ દવે　સિદ્ધપુર

કોરોના કહેર ચાલુ સાલે શહેરની એમ. પી. હાઈસ્કૂલનુ SSC 2020 નું ઝળહળતુ પરિણામ આવ્યુ છે.આ હાઈસ્કૂલ નાં ૧૯ વિદ્યાર્થીભાઈ-બહેનો ૯૦ થી વધુ PR મેળવવામાં તેમજ ૩૦ વિદ્યાર્થીઓએ ૮૦ થી વધુ ઁઈ મેળવવામાં સફળ રહ્યાં છે.

ચાલુ સાલે ધોરણ-૧૦ માં એમ.પી. હાઈસ્કૂલનાં ટોપર ત્રણ વિદ્યાર્થીઓમાં મકવાણાં વેદ દિનેશભાઈ 99.85 PR ,વાધવાણી નેહા તુલશીભાઈ 99.41 PR તેમજ ઠાકર મેઘા મહેશકુમાર ૯૮.૭૦ ઁઈ નો સમાવેશ થાય છે. સંસ્થાનાં પ્રમુખ,મંત્રી સહિત ટ્રષ્ટિગણ તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા એસએસસી માં રઉતિર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓ સહિત તેમનાં વાલીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

**ગાંધીનગર જિલ્લા તથા શહેરમાં આજના ૨૦ પોઝિટિવ કેશ નોંધાયા**

**ગાંધીનગર શહેર – ૭ કેશ, (સેક્ટર 2/A – ૧ કેશ, સેક્ટર 4/B – ૧ કેશ, સેક્ટર ૧૨ – ૧ કેશ, સેક્ટર ૨૪ – ૩ કેશ, સેક્ટર ૨૯ – ૧ કેશ,)**

**ગાંધીનગર જિલ્લા – ૧૩ કેશ, ગાંધીનગર(કુડાસણ – ૧ કેશ,લીંબડીયા –૧ કેશ, મહુન્દ્રા – ૧ કેશ)**

**કલોલ, (સઈજ – ૪ કેશ, રાંચરડા – ૧ કેશ, ગોલથરા – ૧ કેશ, છત્રાલ – ૧ કેશ, અર્બન ૨ – ૨ કેશ, અર્બન – ૧ કેશ)**

### મોડાસામાં કોરોનાનું તાંડવ યથાવત

# ૭૨ કલાકમાં ત્રણ લોકોને કોરોના ભરખી ગયો , શહેરમાં અત્યારસુધી ૧૦ થી વધુ શંકાસ્પદ કોરોનાથી મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં કોરોનાને લઈ મોતનો સીલસીલો યથાવત રહયો છે.શહેરમાં સતત કોરોનાના પોઝેટીવ દર્દીઓ નોંધવાની સાથે કોરોના યમદૂત બની ૧૮ લોકોને ભરખી જતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે ગુરુવારે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ૫૧ વર્ષીય હબીબભાઇ બારીવાલાનું સારવાર દરમિયાન મોત નિપજતાં શહેરમાં કોરોનાથી ૭૨ કલાકમાં ત્રણ લોકો જંગ હારી જતાં અત્યાર સુધી જિલ્લામાં કુલ મૃત્યુ આંક ૨૩ ઉપર પહોંચ્યો છે.

શહેરમાં સૌથી ભયાનક સ્થિતિ ચાંદટેકરી વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધતાં લોકો ફફડી ઉઠ્યા છે ચાંદટેકરી વિસ્તારને વુહાન બનતું અટકાવવા નગરસેવક અને વિસ્તારના અગ્રણી કલેક્ટર કચેરીએ રજુઆત કરી હતી જીલ્લાં કલેક્ટરે તાબડતોડ ચાંદટેકરી વિસ્તારની મુલાકાત કરી હતી અને કોરોનાગ્રસ્ત વિસ્તારમાં આરોગ્યતંત્ર સર્વેની કામગીરી હાથધરી પ્રતિબંધિત વિસ્તારમાંથી લોકો અવર-જવર ન કરે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે શહેરમાં કોરોનાને નાથવા માટે તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે

મોડાસા શહેરના ચાંદટેકરી વિસ્તારમાં કોરોના પોઝેટીવ દર્દીઓ અને તેમના પરિવારજનોને જીલ્લા આરોગ્ય તંત્ર પર ભરોષો ન હોય તેમ વડોદરા સારવાર અર્થે પહોંચતા હાલ જીલ્લાના ચોપડે ચાંદટેકરી વિસ્તારના કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાયા નથી સોશ્યલ મીડિયામાં કોરોનાના ૧૨ દર્દીઓ વડોદરા સારવાર અર્થે પહોંચ્યા હોવાનું અને ૩ લોકોનું કોરોનાથી મોત નીપજયું હોવાની યાદી ફરતી થતા ચાંદટેકરી વિસ્તારમાં કોરોનાની સ્ફોટક સ્થિતિ હોવાનું અને લોકલ સંક્રમણ થી લોકો ભોગ બની રહ્યા હોવાનું બહાર આવતાં તંત્ર ઉંધામાથે પછડાયું હતું જો કે ચાંદ ટેકરી વિસ્તારમાં કોરોનાનો કોઈ દર્દી ન હોવાનું જણાવતાં વિસ્તારના અગ્રણી પણ સતત કોરોનાનો વ્યાપ વધતા ફફડી ઉઠતાં જીલ્લાં પ્રશાશન તંત્રમાં રજુઆત કરતા તંત્રમાં પણ ભારે દોડધામ મચી છે આરોગ્ય તંત્રએ ચાંદટેકરી વિસ્તારમાં સઘન સર્વેની કામગીરી હાથધરી દેવામા આવી છે મોડાસા શહેર અને જિલ્લામાં કોરોનાના સંક્રમણને લઈ લોકો રોગ થી બચવા માટે હવાતિયા મારી રહ્યું હોય તેમ કોરોના બેકાબુ બની રહ્યો છે

કોરોના વાયરસ કાબુમાં આવવાનું નામ લેતો નથી.તેમ મોડાસા નગરમાં અત્યાર સુધી કોરોનાથી ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે.જયારે જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૨૩ નોંધાયો છે.એકલા નગરમાં જ મોતનો સીલસીલો યથાવત રહેતા શહેરીજનો માં ફફડાટ વ્યાપ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.